

કુમાર
અંક ૧૩
ઉગતી પ્રજાનું માસિક
પોષ
વર્ષ ૨
અંક ૧
૧૯૮૧
તંત્રી
રવિશંકર રાવળ



ન લે નકામો શ્રમ કાંઈ રાજા!
મુકીશ તો બાણ જશે ય ખાલી.

દિલીપ અને સિંહ
ચિત્રકાર: રવિશંકર રાવળ



પ્રવાસ

અજાયબ કાંઈ જાદુ થયું હોય તેમ મને સ્વપ્ન લાધ્યું. જાણે ખીલતા પ્રભાતે વાડીના પુલક્યારે હું બેઠો છું; જાણે આકાશનો શુક્ર મને આકર્ષણ કરે છે.

નીતરતી ઠંડીમાં વાડીનું ગુલાબ ફડફડ્યું, 'ઓ જીવન, તું કેટલું મીઠું છે!' કોમળ મોતી જેવાં જળબિન્દુ ખંખેરી ગલગોટો ધુણી ઉઠ્યો, 'ઓ જગત, તું કેટલું નવું છે!' નજીક ખળખળતા નાના ઝરણનું પાણી ઉછળ્યું, 'ઓ પ્રવાસ, તું કેટલો અખંડ વહે છે!'

હું તો મનમાં જ ગણગણ્યો, 'વાહ, કેવું સુંદર! મીઠું જીવન: નવું જગત: અખંડ પ્રવાસ.'

એકાએક ગુલાબના છોડમાંથી ભણકાર થયો, '....પણ મારો માર્ગ તેં જોયો છે? ડાળે અને ડાંખળીએ, પાને અને વજ્રે કાંટા પડ્યા છે. એમને જીરવીને જીવન મેં મીઠું કર્યું છે.'

ગલગોટાને પણ વાચા જાગી, 'નવું જોવાની આતુરતામાં મેં કેટલાં આંસુ ખેરવ્યાં છે; સુવાસ મેળવવા મેં કેટલા પ્રયત્નો કર્યા છે. આટલા રંગ પાછળ પણ મોટું તપ રહ્યું છે. નવું નવું જોવા સારૂ આશા ને ધીરજ રાખવા મથી રહ્યો છું.'

વળી ઝરણના જળમાંથી પડઘો ઉઠ્યો, 'હમેશ હું વહેતું જ છું. સંસાર સુતો હોય ત્યારે પણ હું ગતિમાન. નથી થાક, નથી કંટાળો. જંગલ અને ઝાંખરાં, ખાડા અને ટેકરા, પર્વતો અને કાળમીંઢ ખડકો—સૌમાં થઈને આ પ્રવાહ સોંસરવો ચાલે છે. મારો પ્રવાસ અખંડ છે.

ઉત્સાહના પુરમાં હું બોલ્યો, 'ભાઈઓ, મીઠા જીવન ખાતર....નવા જગત ખાતર....બધું જ કબુલ. અખંડ પ્રવાસ હું વધાવી લઉં છું.'

નવું ભાન થયું હોય તેમ હું ચમક્યો. જાગીને જોઉં છું તો સ્વપ્ન એ સત્ય જ હતું.



ગયા આખા વર્ષની મિજલસ વાંચી કોઇની નજરમાં



તેનો લખનારો જમીન સુધી ઘસડાતી દાઢીવાળો બુઝર્ગ ફીલસુફ દેખાયો હશે; કોઇને ઘુવડ જેવાં ચશમાં ચડાવી કપાળ પર હાથ દઇ બેઠેલો, ઉંડા વિચારમાં ગુંગળાતો 'બીચારો તંત્રી' લાગ્યો હશે; કોઇને વળી 'શાન્તિ શાન્તિ' જપતા, નેત્ર નીચાં કરી બેઠેલા મહાત્માની કલ્પના પણ થઇ હોય તો નવાઇ નહિ !

આહ !...પણ તેમાંનું કશું જ સાચું નથી. હું તમને પુરવાર કરી આપીશ કે મિજલસનો લખનારો કદીક તમને રૂબરૂ મળે તો ઉપર કલ્પી લીધેલાં

આ મિજલસ

'કુમાર' બીજું વર્ષ શરૂ કરે છે તેની ખુશાલીમાં આ મિજલસ.

'કુમાર'ની ભાવના વધાવી લેનારા સૌ મિત્રોને અભિનંદનની આ મિજલસ.

મનોમનની જુનીનવી વાતો કરી નવાં ભૂત જગાડવાની આ મિજલસ.

હૃદયનો દંભ છોડી કદીકદી કુદકા મારી નાચી લેવાની આ મિજલસ.

દેશોદ્ધાર અને સ્વાતંત્ર્યની મંત્રણા કરવાની આ મિજલસ.

બધાં રૂપોથી નીરાળો જ માણસ લાગશે. તેને ખુબ હસવામાં મજા પડે છે; તેને કુદકા મારવાની યે શરમ નથી; તેને નાનામોટાઓનો ખોટો ક્ષોભ નથી.

ગયા વર્ષની મિજલસની વાનીઓ ઉપરથી એક હિતસ્વી મિત્રે ભલામણ કરી કે મિજલસની ગંભીરતા હદ બહાર જાય છે ......બસ, એટલું જ ને ? કદાચ આ વરસે મિજલસની ગમ્મત હદથી જ્યાદે થાય તો ભાઈશ્રી, તમારાં ત્રાજવાં સમતોલ થઈ રહેશેને ?

*

વારેવારે પુછશો મા કે 'કુમાર' શા માટે છે. જરા હાઇસ્કુલ-કૉલેજની ઓસરીઓમાં ફરતા તમારા ભાઈબંધોને મળો અને વાતચીત કરો કે તેઓની શી દશા છે. છસાત ચોપડીના થોડાઘણા પાઠ વાંચીને વેપારીને ત્યાં રહેલા કે કારખાનાંમાં ગએલા નાના દોસ્તોને મળીને પુછો કે તેમની શી હાલત છે.

એક હાઇસ્કુલના મૅટ્રિક કલાસના વિદ્યાર્થીઓને મેં જોયા ત્યારે હેડ માસ્તર સાહેબના

હું માનું છું

હું માનું છું;—હા, હું માનું છું. હું તો ઘણું યે માનું છું. તમને તેની થોડીક વાનગી દઉં.

§

હું કામ કરવામાં માનું છું,—રોદણાં રડવામાં નહિ;...હાથ પર રહેલા કામની પાછળ તનમનથી મચી તે પાર ઉતારવામાં માનું છું,—ઇધરઉધર કામનાં ડાંફાં મારવામાં નહિ. મારા હાથ પર આવેલા કામમાં હું ખુબ રસપૂર્વક આનંદ લઇ શકું છું,—પછી તે ગમે તે જાતનું હોય.

અને મારા હાથપરનું કામ સાંગોપાંગ પાર ઉતારી હું સફળ થઇશ એમ હું હમેશાં ખાતરીપૂર્વક માનું છું.

§

હું તો માનું છું કે 'કર્યું તે કામ.' કોઇ પણ કામ મુલતવી રાખતાં મને હીણપદ લાગે છે,—તેમ કરતાં મને મારી જાત પર તિરસ્કાર આવે છે. હું ચોકસ માનું છું કે આજે ઉકેલેલું એક કામ, તે આવતી કાલનાં બે કામ કરતાં પણ વધારે છે.

હું માનું છું કે દરેક માણસને માટે આ દુનીઆમાં કામ નિર્માણ થયું જ હોય છે;—અને તેથી હું માનું છું કે મારે કાજે નિર્માણ થએલું કામ બજાવવાને હું સદા ખડે પગે તૈયાર છું;—આ ઘડીએ સજ્જ છું.

§

હું માનું છું કે માણસ જો પ્રામાણિક પ્રયત્ન કરે તો આ દુનીઆમાં તેને જોઇએ તે વસ્તુ મળી શકે છે;—પછી તે ગમે તેટલી દુર્લભ હોય.

અને હું એ પણ માનું છું કે માણસને જ્યાં સુધી પોતાની જાત ઉપરથી શ્રદ્ધા ઉઠી ન જાય ત્યાં સુધી આ દુનીઆમાં તેને કદિ નિરાશા કે નિષ્ફળતા મળતી જ નથી.

'આજ'ના પ્રભાવ, અને આજે કરૂં છું તે કામમાં હું માનું છું. 'આવતી કાલ'ની આશા, અને આવતી કાલે કરવાનાં કામોમાં હું માનું છું. હું માનું છું કે મારૂં ઉજળું ભવિષ્ય સભર ભંડારથી ભર્યુ ભર્યુ છે.

§

માયાભર્યાં ઉરની અનુકંપામાં હું માનું છું; દયાથી દ્રવતા હ્રદયમાં હું માનું છું; ઉદારતાથી ઉભરાતા અંતઃકરણમાં હું માનું છું. હું માનું છું કે એવું ઉર, એવું હ્રદય, એવું અંતઃકરણ પ્રભુએ મને આપ્યું છે, અને એની હુંફમાં હું સૌ ભાઇઓને ભેગા કરીશ.

હું માનું છું કે પ્રભુએ મને સુંદર ચહેરો આપ્યો છે તે સદા હસમુખો રાખવા માટે; ઉજળું અંતઃકરણ આપ્યું છે તે સદા પ્રફુલ્લ રાખવા માટે; વિશાળ આત્મા આપ્યો છે તે તેની મધુરી ફોરમ સદા ફોરવા માટે.

એ પ્રેમથી હું બધાને નવડાવી દઈશ; એ અંતરના ઉલ્લાસથી હું બધું ભરી દઇશ; એ આત્માથી ફોરમથી હું બધું મ્હેકાવી મુકીશ.

ખંડમાં મળવા જતાં એ બહાદુરોના પગ ઢીલા પડતા હતા! છાપાંઓમાંથી દુનીઆની વાતો જાણવાનું તેઓ નકામું ગણતા, અને નીશાળના પાઠ યાદ કરતાં બીજું કાંઈ જ્ઞાન નથી એમ માનતા!

એક બીજી હાઇસ્કુલના હેડ માસ્તરને મળ્યો ત્યારે જણાયું કે વિદ્યાર્થીઓ નીશાળના વખત બહાર તેમને કદી મળતા નથી; કોઈ જાતની ચર્ચા કરતા નથી; તેમનો અને વિદ્યાર્થીઓનો અંગત સંબંધ કોઇ રીતે બંધાયો નથી; શાળાના વાર્ષિક જલસાઓમાં પણ વિદ્યાર્થીઓ દિલ ખોલી બોલી શકતા નથી;—મન મુકી હળીમળી શકતા નથી. કોઇ બોલવા જેટલી હીંમત કરે તો માત્ર 'સાહેબ, ગણિતમાં હવે અમારે શું શીખવાનું? ઇતિહાસની ફલાણી ચોપડી કેવી?' એવા ચાવળા સવાલો જ ઠાવકા થઇને પુછે!

*

સંસારનો માર્ગ લેનારા તમે સૌ અબુધ યાત્રાળુઓ છો. તમારામાંના કેટલાક ગરીબ મેંઢાં જેવા બની,

જેટલો બહારનો ડોળ તેટલી અંદરની ઉણપ

નીશાળની ધરેડમાં પીલાતા, નીચી મુંડીએ માત્ર 'લેસન'ના પોથા ગોખતા હશો; કેટલાક કાપડ મારકીટમાં બેસી ખરાબ છાપાં ચોપડીઓ વાંચતા, પામર પ્રાણી જેવો રસ લેતા હશો; કેટલાક કાળાંમેશ કપડાં પહેરી કારખાનાંની ધુમાડીમાં ગુંગળાતા, બુરી સોબતમાં સડતા હશો. મને એમ જ થાય છે કે તમને કોણ આ બધી બદીઓમાંથી બચાવે? કોણ તમને જીવનની વાડીઓમાં ફરવા લઇ જાય? કોણ તમને ચોકખી હવાની તાજગી દેવા લીલાંછમ ખેતરો ભણી વાળે?

*

કોઈ ન વાળે, કે વાળનાર કોઇ ન હોય તો **તમે જાતે જ** વળો. માબાપ આ ન જાણે તો **તમે** કહો; વાલીઓ આ વાત ન માને તો **તમે** સમજાવો; શેઠ અને શિક્ષકો આ બાબત બેખબર હોય તો **તમે** બતાવો. **તમે** જ સાચા, સારા અને સ્વાશ્રયી બનો.


આજે એવાં અજ્ઞાની ટોળાંઓથી દેશ દરિદ્ર છે; એવાં કંગાલ માનવોથી તે પામર અને દીન બન્યો છે. એ દેશની જવાબદારી મોટેરાં ન પાળે તો **તમે પોતે** પાળો; જાતને ખાતર પાળો—દેશને ખાતર પાળો.

*

આ તો વાતો થઈ. જેમના મનમાં તે ઉતરે એ 'કુમાર'ના સંગી બનો—સાથી થાઓઃ 'કુમાર'નું કાર્ય સમજો અને તેને સહાય કરો.

ગ્રાહકો! તમારા કામનું–

¶ ગયે વર્ષે પહેલો અંક ખુટી જવા આવેલો હોવાથી શરૂઆતમાં કેટલાક ગ્રાહકોનાં નામ એ વર્ષના માહ માસના અંકથી નોંધાયાં હતાં. તેઓનાં લવાજમ આ અંક સાથે પુરાં થાય છે. ¶ એવા ગ્રાહકોની સંખ્યા જુજ હોવાથી, અમે તેમને નીચેની શરતે, અમારા ખાસ સંગ્રહમાંથી પહેલો અંક આપીને તેમની એ વર્ષની ફાઇલ પુરી કરવાની સગવડ કરી આપવાનું ઠરાવ્યું છે. ¶ ગયા વર્ષના માઘ માસના અંકથી થએલા જે ગ્રાહકો આ વર્ષના ગ્રાહક તરીકે ચાલુ **રહે** તેઓને જ એ ગયા વર્ષનો પહેલો અંક મળશે. ¶ માટે એવા ગ્રાહકોમાંથી જેઓ, આ અંક પહોંચતાંવેંત, અમને આ વર્ષનું લવાજમ મોકલી આપશે તેમને તરત જ ગયા વર્ષનો પહેલો અંક મોકલવામાં આવશે. અને તેમનું લવાજમ પોષ ૧૯૯૧ થી વસુલ ગણી તેમને આ બીજા વર્ષની શરૂઆતથી જ ગ્રાહક ગણવામાં આવશે. —વ્યવસ્થાપક



દિલીપનો સત્યાગ્રહ

: સંવાદ :

[કવિ કાલિદાસે રચેલાં સંસ્કૃત કાવ્યોમાંનું એક 'રઘુવંશ' મહાકાવ્ય મનાય છે.

મુળ પુરુષ મનુ ભગવાનના કુળમાં દિલીપ નામનો ચક્રવર્તી રાજા અયોધ્યામાં રાજ્ય કરતો હતો. વૃષભની જેમ એના ખભા મજબુત, અને શાલવૃક્ષની શાખા જેમ હાથ લાંબા હતા. દિલીપ પ્રતાપી અને ડાહ્યો હોવાથી ઘણાંક માણસનો આશરો થઇ પડયો. પ્રજાના કલ્યાણને અર્થે જ એ થોડોક કર લેતો. શાસ્ત્રોનો એને સારો અભ્યાસ હતો. લોભ કે લાલચ વગર એ દ્રવ્ય સંઘરતો અને મોહ વગર સુખ ભોગવતો. ઘણું જ્ઞાન હોવા છતાં એ ક્ષમાશીલ હતો. એ યજ્ઞ કરતો, દાન દેતો પણ વખાણ ન સાંભળતો. એના આખા રાજ્યમાં ચોરનું નામ ન હતું. ધર્મની વૃદ્ધિને માટે જ એણે મગધની કુંવરી સુદક્ષિણા સાથે લગ્ન કર્યું હતું.

...પણ લાંબા સમય સુધી એને સંતતિ ન થઇ. પુત્ર મેળવવાની ઇચ્છાથી દિલીપ રાજ્યભાર પ્રધાનને માથે નાખી રાણી સુદક્ષિણા જોડે વસિષ્ઠ ગુરુને આશ્રમે જવા નીકળ્યો.

રસ્તામાં રથનો ગડગડાટ સાંભળીને ઉંચી ડોક કરી મોરલા બોલવા લાગ્યા; હરણાં સ્થિર નજરે રથ તરફ જોવા માંડયાં; અનુકુળ અને ઠંડો પવન વાવો શરૂ થયો.

રાજદંપતીએ વસિષ્ઠ અને અરૂંધતીને પગે લાગી આશિષ લીધી. ગુરુજીએ રાજયનું કુશળ પુછયું. રાજાએ ચિંતાતુર ચહેરે ઉત્તર આપ્યો કે ' રત્નો નીપજે એવી પૃથ્વીનો હું પતિ છું, પણ આ આપની વહુને સંતતિ નથી. પિતૃઋણ કેવી રીતે વાળીશ એ વિચારે હું દુઃખી રહું છું. ' ગુરુદેવે ધ્યાનમાં બેસી જોયું ને કહ્યું કે કલ્પતરુની છાયા હેઠળ બેઠેલી કામધેનુને તેં પ્રદક્ષિણા કરી નથી, તેથી એનો તને શાપ થયો છે. માટે જો તું અને તારી સ્ત્રી કામધેનુની પુત્રી નંદિનીની સેવા કરશો તો શાપથી છુટશો.

તે દહાડાથી રાજારાણી ગુરુની ગાય નંદિનીની સેવા કરવા લાગ્યાં. રાણી ગોશાળાની સંભાળ લેતી, અને રાજા, નંદિની જ્યાં ચરવા જાય ત્યાં તેની રક્ષા સારૂ પાછળ જતો. નીચેનો સંવાદ અહીંથી શરૂ થાય છે.]

દિલીપ (સ્વગત)

આ અરણ્યજીવનનો પણ કોઇ અદ્દભુત આનંદ છે. રાજ્યને પણ ભુલાવી દે એવો આ વનનો વૈભવ છે. લીલી લતાઓથી વાળ ગુંથવા; પાસવાનોનાં ગાયનોને બદલે પાસેનાં ઝાડ ઉપરનાં મદઘેલાં પક્ષીઓનાં ગીત સાંભળવાં; તળાવમાંથી નીકળતાં કુકરો અને હરિણો જોવાં; લીલા વાંસમાં બજતું પ્રકૃતિ-સંગીત સાંભળવું; પર્વતનાં ઝરણોની ઝીણી ફરફરથી ઠંડો થએલો, અને વૃક્ષોથી ખરતાં ફુલો વડે સુગન્ધિત બનેલો વાયુ સેવવો; રાજ્યમાં દુષ્ટ જનોને દંડી માતા જન્મભૂમિની સેવા કરવી, અને અહીં દુષ્ટ પ્રાણીઓને દંડી ગાયમાતાની સેવા કરવી: આમ ઘડીકમાં ત્રણ સપ્તાહો ચાલી ગઇ તે જણાઇ પણ નહિ. અને માતાજીનો અનુગ્રહ તો કાંઇ ઓર જ છે. જાણે મને આ પ્રદેશોનું સૌંદર્ય દેખાડવું હોય, તેમ નિત્ય નવી દિશાએ વિચરે છે. આજે વળી હિમાલયની ગુફામાં

ચરવા આવી છે. આ દિવ્ય પ્રાણીનો કોઇ હિંસક પશુ વાળ પણ વાંકો કરી શકે તેમ નથી. લાવ, જરા નીશંતે આ નગરાજનું ભવ્ય સૌંદર્ય જોઉં.

[થોડીવાર રહીને]

ગંગાનાં ઝરણોની વચ્ચે શી સુંદર લીલોતરી ઉગી છે! જાણે જોયા...જ કરૂં. (એકદમ ચમકીને) અરે! આ બરાડો શાનો? (જોઇને) ફીકર નહિ; એક જ બાણ બસ છે.

[જમણે હાથે ભાથામાંથી બાણ લેવા જાય છે, ત્યાં હાથ ચોંટી જાય છે.]

આ શું?! બાણનાં પીછાંમાંથી હાથ ઉખડતો જ નથી! જાણે કોઇએ મુઠ મારી! અને સિંહ તો ગાયના વાંસા ઉપર પંજો મારી ઉભો છે!

સિંહ

બસ કર.

દિલીપ

અહા, આશ્ચર્ય ઉપર આશ્ચર્ય! સિંહને વાચા!

સિંહ

ન લે વધારે શ્રમ કાંઇ, રાજા!
મુધીરા તો બાણ જશે ય ખાલી.

બસ કર, રાજા! બાણ મારીશ તોપણ વૃથા જશે. પવનનો વેગ ઝાડને ઉખેડી શકે, પણ પર્વત આગળ તેનું કાંઇ ચાલતું નથી.

દિલીપ

વિચિત્ર પ્રાણી, તું કોણ છે? તારામાં આ પ્રભાવ ક્યાંથી?

સિંહ

હું નિકુંભનો મિત્ર કુંભોદર. સાક્ષાત્ શંકર નંદી ઉપર બેસતાં મારી પીઠ પર પગ દઇ ચડે છે. પેલું દેવદારનું ઝાડ જુએ છે? તેને પાર્વતીએ જાતે ઘડે ઘડે પાણી પાઇ પુત્રની પેઠે ઉછેરેલું છે. એક વખત કોઇ જંગલી હાથીએ લમણું ઘસતાં તેની છાલ ઉખેડી નાખી, તેથી પાર્વતીને પોતાનો કુમાર કાર્તિકેય અસુરની લડાઇમાં ઘાયલ થયો હોય એટલું લાગી આવ્યું. ત્યારથી હાથીઓને નસાડી મુકવા તેમણે મને અહીં રાખેલ છે.

દિલીપ

ત્યા તો આ ભગવાન ત્ર્યંબકનો જ પ્રભાવ: જેમણે નજરમાત્રથી વજ્ર ઉગામતા ઇન્દ્રનો હાથ પણ જડ કરી નાખ્યો હતો!

સિંહ

હા; અને એ ત્ર્યંબકે જ, આવી ચડે તે પશુથી નિર્વાહ કરવાનું મને ઠરાવી આપેલ છે. આ ગાય જાણે ભોજનવેળાએ જ આવી ચડેલી છે. તે મારા પારણા માટે બસ થશે. તું તારે રસ્તે જા.

દિલીપ

આ લાચાર હાલતમાં હું જે કાંઇ કહું તે હસવા જેવું લાગે. પણ તું પ્રાણીઓનું અંતર જાણી શકે છે માટે તને કહું છું. સ્થાવર જંગમ લોકની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર એ પ્રભુ મારે પણ પૂજ્ય છે. બીજી તરફ અગ્નિહોત્રી ગુરુનું આ ગોધન પણ મારી આંખ આગળ નાશ પામતું મારાથી જોઇ રહેવાય નહિ. માટે તારૂં પારણું મારા દેહથી કર.

સિંહ (ખડખડ હસીને)

જગતનું આ એકછત્ર રાજ્ય, જુવાન વય અને આ સુંદર શરીર, ...માત્ર એક ગાયને માટે તું ખોઇ દઇશ? આટલા અલ્પને માટે આવડી મોટી હાનિ! તું કેવો વિચારમૂઢ ભાસે છે! તને ભૂતદયા હોય તો વિચારને, કે મરીને તો માત્ર એક ગાયને બચાવીશ; જીવતો રહીશ તો આખી પ્રજાનું પાલન કરી શકીશ.

દિલીપ

'નિર્બળની વ્હારે ચડે તે ક્ષત્રિય' એવો ક્ષત્રિયનો અર્થ ત્રણ ભુવનમાં રૂઢ છે. તેનાથી ઉલટું આચરણ કરીને હું રાજ્યને શું કરૂં? અને અપયશથી મલિન આ જીંદગીને શું કરૂં?

સિંહ

એવું ઓછું આણવાને કારણ નથી. શસ્ત્રધારીનું શસ્ત્ર જ્યાં ન ચાલી શકે ત્યાં તેના યશને બાધ આવતો નથી.

દિલીપ

તું પોતે ભગવાન શંકરનો સેવક થઇને આ શું કહે છે? આ દેવદારનું ઝાડ સાચવવા તું જ કેટલો પ્રયત્ન કરે છે તે જોને. રક્ષણ કરવાની વસ્તુ નાશ પામે અને રક્ષક સાજોસારો શું મોઢું લઇને માલીક પાસે પાછો જાય?

સિંહ

ગુરુજીના કોપની બીક હોય તો તે તો સહેલું છે. હજારો પારેઠ ગાયો દાનમાં આપી તેમનું મન મનાવી શકાશે.

દિલીપ

તે પણ તારી ભુલ છે. સુરભિની પુત્રી આ નંદિની ! એ કોઈ સામાન્ય ગાય નથી. સુરભિના જેટલો જ એનો પ્રભાવ છે; તું તેના પર પંજો ઉગામી શક્યો તે પણ માત્ર શંકરનો જ પ્રતાપ જાણજે. ......પણ મારે તો મારો દેહ સાટામાં આપી તેને છોડાવવી જ જોઇએ.

સિંહ

મને બીજું કાંઇ નથી; માત્ર તારો જ વિચાર થાય છે. તારૂં રાજ્ય તો જો. જાણે પૃથ્વી પર આણેલ ઇન્દ્રપુરી ! અનેક કલ્યાણપરંપરા ભોગવવા નિર્માએલો આ દેહ તું છોડી દે એ મારાથી જોયું નથી જતું.

દિલીપ

જો તને મારી જ દયા આવતી હોય તો તો હું વીનવું છું કે મારા યશઃશરીર ઉપર જ દયા કર. ગમે ત્યારે યે નાશ પામનાર આ માંસના પિંડ ઉપર મારા જેવાને તો અનાસ્થા જ હોય છે. કહે છે કે સંતોને તો સાત ડગલાંનો સ્નેહ થાય. તો તું પણ આ વનમાં મારો સ્નેહી થયો છે. હવે એ સ્નેહ તોડવો તને ન ઘટે. મારૂં આટલું વચન રાખ; વત્સને મળવા ઉત્સુક થએલી ગાયને છોડી દે અને આ મારા દેહનો સ્વીકાર કર.

સિંહ

તો ભલે

[રાજા પોતાનો દેહ સિંહ આગળ ધરે છે. એવે સિંહ અંતર્ધાન થાય છે. દિલીપ ઉપર અંતરિક્ષથી પુષ્પવૃષ્ટિ થાય છે.]

'વાત્સલ્ય'

[રાજાની ગુરુ પ્રત્યેની ભક્તિ ને પોતા તરફની અનુકંપા જોઇને નંદિની પ્રસન્ન થઇ. તેણે રાજાને વરદાન માગવા કહ્યું. દિલીપે પુત્રનો વર માગ્યો. નંદિનીએ પોતાનું દુધ પડીઆમાં દોહીને સુદક્ષિણાને પાવા સુચવ્યું. વાછરૂ ધાવીને ધરાયાં ને હોમ થઇ રહ્યા પછી જે દુધ વધ્યું તે ગુરુદેવની આજ્ઞા પુછી દિલીપે સુદક્ષિણાને પાયું. કાર્યસિદ્ધિ થતાં દિલીપ અને સુદક્ષિણા રાજધાની તરફ વળ્યાં. વખત જતાં રાણીને રઘુ નામે પુત્ર પ્રસવ્યો.]

ફુલ પાંદડાં

મને ખબર ન હતી કે આ સમારંભ કોને સારૂ છે.
આમ્રવૃક્ષે કોને વાસ્તે મંજરીનાં તોરણ બાંધ્યાં છે
અને આસ્માને કોને માટે સોનેરી ચંદરવો લટકાવ્યો છે.

પણ એટલામાં મેં તારો હસવાનો સ્વર સાંભળ્યો અને જાણ્યું કે એ સઘળું તારે કાજે છે.

મેં જાણ્યું કે મારા દેવ—મારા પ્રાણ પધારે છે.

♣

જાદુગર ! તેં તારી લાકડી વડે જગતને અંધકારમાંથી પ્રકાશમાં ને મૌનમાંથી ગીતમાં ફેરવી નાખ્યું છે. પણ શું તારી જાદુઈ લાકડીમાં એવું નથી કે જે મારા હૃદયને સંગીતમય કરી નાખે?

♣

મને એની દરકાર નથી.


કાંટા હોય કે ફુલ હોય, અમૃત હોય કે ઝેર હોય, ચુંબનનો શરાબ હોય કે અંગારની આંચ હોય. મને એની દરકાર નથી. મને તો તે તારા હાથથી મળવું જોઇએ.

♣

પૃથુલાલ શુકલ

* એ નામના પુસ્તકમાંથી

શેર-દોરો



[સીધા ચઢણવાળા કાળમીંઢ નાગા પર્વત ઉપર નાનો ગઢ હતો. તેના ઉપર સામાવાળીઆઓએ હલ્લો કર્યો હતો.

સાંજ પડયે શત્રુઓ હઠયા ત્યારે ગઢીનો માલીક દીવાલ ઠેકી બહાર નીકળે છે, તો પોતાના બાવીસ અને દુશ્મનના સાત માણસોને મરેલા જુએ છે અને તેમને જુદા પાડે છે.

નાગા પર્વતનો અસલી રીવાજ એવો હતો કે જે કોઈ લડાઇમાં વીરનું મૃત્યુ પામે તેને 'શેરે જંગ'નું માન મળે અને તેને હાથે દોરો બંધાય. સરદારે જોયું કે પોતાના બાવીસ લડવૈયાઓના કરતાં કાફિર દુશ્મનના સાત શૂરવીરોની બહાદુરી કાંઇ ઓછી નહોતી; તેથી સૌએ મળી તેમને પણ 'શેર-દોરો' બાંધવાનો ઠરાવ કર્યો.

ગઢીના સરદારે વધુ વિચાર કર્યો કે વીરનું મરણ પામવા જે જે કારણો બીજાઓને તાન ચડાવે છે તેમાંનું એકે આ શત્રુના સૈનિકોને ન હતું. છતાં પણ તેઓએ 'શેરે જંગ'નું મૃત્યુ મેળવ્યું છે. સો વરસ ઉપર શુરા મેહાબખાંએ પણ એકવાર પોતાના બચાવ ખાતર ખોટા સમ ખાઈ જીભને નાપાક કરી હતી. માટે આ સાત શુરાઓના શુદ્ધ બલિદાનને એક શેર-દોરો બસ નથી. તે પરથી બધાએ તેમને બેઉ હાથે બબ્બે દોરા બાંધી દીધા.

પછી તો, બેત્રણ દિવસ બાદ, બીજા ધસાવડામાં એ ગઢ અને પર્વત સામાવાળીઆઓને હાથ પડયાં. ત્યારે બબ્બે શેર-દોરા બાંધેલ, સાત શુરાઓનાં શબ સાથે મળ્યાં.

આવી જાતનું કાવ્ય અંગ્રેજીમાં 'બૅલેડ' કહેવાય છે. બૅલેડનાં લક્ષણો વગેરે 'કુમાર'ના કોઇ અંકમાં અપાશે.]

: ઉપજાતિ :

૧

*હતી ગઢી ધારતણી જ ટોચે
ચોપાસ નાગા નગ ઊપરે ચણી;
ગયા હઠી શત્રુ, પડી જ સાંઝ,
દિવાલ ઠેકી નિકળ્યો ગઢીધણી.

૨

ચોપાસ સૂતા મરતા મરેલા
પોતાતણા શત્રુતણા જુદા કરે;
પોતાતણા બાવીશ, શત્રુ સાત,
કોદી ન પાછા રણખેલ આદરે.

૩

જોઇ રહ્યો નાયક શત્રુ સાત
ચઢયા જ નાગો નગ જે લગોલગ;
હણ્યા વળી રક્ષક વીર વીણી,
લાધાદીધા ઘાવ ધસી ડગોડગ.

૪

એ સાહસોત્સાહ ઘણી નિહાળી
રહ્યો, પડયો ને ક્ષણ તો વિચારમાં;
કદાપિ વીરે પણ વીરતાને
વિમાની જાણી ક્યંહિ તુચ્છકારમાં!

૫

વદ્યો ઘણી ધીર ગભીર વાણી,
"આ કાફિરો કાફિર-હાલ પામશે;
એ ક્યામતે થાવ જ જે થનારૂં,
અલ્લાહ સૌને નિજ હક્ક બાંટશે.

૬

અહીં પરંતુ નગ નાગનો જે
છે ચાલ તે અસ્લ જ પાળવો ઘટે;
જો નીવડે મર્દ જ શેર જંગે
તો શેર-દોરો કર બાંધવો ઘટે.

૭

તો ઊચરો શેર દલેર મ્હારા,
આ શત્રુ આ કાફિર શેર કે નહીં?
જે ચાલ ઈસ્કિન્દરથી ય જૂનો
આજે જ શૂં આપણ તોડવો સહી?"

૮

ગઢીતણા રક્ષક બોલી ઊઠયા,
"આ આપણા બાવીશ શેરને ઘટે
તે હક્ક આ કાફિરનો ય ચોકખો,
જંગે દલેરી નવ એમની હઠે."

* અંગ્રેજી ઉપરથી

૯

એ સાત એ બાર્વીશ શેર-દોરા
બાંધી દીધા ત્યાં કર એકએકને;
ગઢીધણી કેરૂં લલાટ તો યે
વિચારરેખાર્થી વિમુક્ત ના બને.

૧૦

વદે ફરી એ, "સુણજો ત્હમે સૌ,
હજી મ્હને ગૂંચ, ત્હમે ઉકેલજો;
આ કારિગો બેશક, તો ય એમાં
ન ખાન, ના નાયક મીરઝાદ કો;

૧૧

ન એ ચડ્યા દીનજહાદજંગે,
આ નાગ પ્હાડે ઝરનૂં ય નામ ના;
જે જે વડે મર્દ ગ્હડે જ પાનો
આ સાતને તે કશા ઝાંઝ ધૂન ના.

૧૨

તો યે જુવો છો ભડ શા હઠીલા
ચઢી ગયા પર્વત આ લગોલગ !
'ધસો !' થયો એ સરદાર હુકમ,
ધસ્યા ધસ્યા આ ધ્રુજવ્યો બધો નગ !

૧૩

ન ત્રાડ ના શોરબકોર લેશ,
ધા આપણા યે નવ લેખવ્યા જરા;
સામા કર્યા બેવડત્રેવડા ઘા,
સાતે પડ્યા બાર્વીશને કરી પૂરા.

૧૪

'બ્હાદૂર કહો કોણ ચડે બધાથી ?'
'મેહ્રાબ ખાં !' સૌ વદશો જવાબમાં;
સો વર્ષથી એ નિજ કબ્ર સૂતો,
લડે બધા જંગ ફરી ખ્વાબમાં.

૧૫

મેહ્રાબ ખાંને જિવતો જ માનો,
—એ શૂં ધસી આમ શક્યો હતે લડી ?"
"રે એહણે તો સર માટ જૂઠા
સોગંદથી પાક કરી 'તા જીભડી !"

૧૬

"તો, શેર મ્હારા, શક કૈં રહે ના;
ના એક દોરો બસ હોય આમને :
બીજે કરે યે ભડ શેર-દોરા
બાંધી દિયો ઇજ્જત ખાસ એમને !"

. . . .

૧૭

વહ્યા પછી બેત્રણ રોજ જેવા,
એ ધાર, એ ટોચ, અતુલ્ય ગઢી અઘોરે,
ખીજે ધસારે સર થૈ ગયાં, ને
સાતે મળ્યાં ત્યાં શબ અંકિત જોડ દોરે.

બલવંતરાય કલ્યાણરાય ઠાકોર



'મોયમાં મોટી ખાણ કઇ ?'

'રૂપાની, સોનાની, હીરાની......'

'ના; મોટામાં મોટી તો ઓળખાણ; કે જ્યારે જોઇએ ત્યારે ખપમાં આવે. અને ઉંડામાં ઉંડી ખાઇ કઈ ?

'ઓહો; હવે તો એ આવડે; ઉંડામાં ઉંડી ખાઈ અદેખાઈ, કે જેમાં પડયા પછી ભારે પ્રયત્ન વિના બહાર નીકળી ન શકાય.

*

એક મણના ચાળીસ શેર :

અધ મણના વીસ શેર :

તો ગભરામણના કેટલા શેર ?

ઘરાક—તમારી પાસે કયાં કયાં હરણ છે ?

બુકસેલર—સુબદ્રાહરણ, ઓખાહરણ, સીતાહરણ, દ્રૌપદીવસ્ત્રહરણ, લક્ષ્મણાહરણ......

ઘરાક—ઉદાહરણ છે ?

*

જેલ જોવા આવનાર (કેદીને)—તારી સજા પુરી થશે ત્યારે તો તું રાજી થવાનો ને ?

કેદી—કાંઈ કહેવાય નહિ.

જેલ જોવા આવનાર—કેમ એમ ?

કેદી—કારણકે મને જનમકેદ છે, સાહેબ.



એ સાત એ બાવીશેં શેર–દોરા
બાંધી દીધા ત્યાં કર એકએકને.



બલિદાનની ભૂમિ



ભુટીઆની ચેતવણી

'સામી પર્વતમાળાની પાછળ શું હશે ?'

'મૃત્યુ.' ભુટીઆએ કહ્યું, 'હું અમારા ટોળામાંથી છુટો પડીને ભટકતો ભટકતો આ બાજુ ચડી આવ્યો ત્યારે મારો જીવ અસ્થિર હતો અને મારો આગળ જવાનો વિચાર હતો; પણ મેં એવી વિચિત્ર વાત સાંભળી કે સામી પર્વતમાળાની પાછળ બલિદાન-ભૂમિ છે. ઘણા, એ પર્વતમાળા ઓળંગી ગયા છે, પણ તેમાંથી કોઇ પાછું ફર્યું નથી. મૃત્યુ, ત્યાં જનારને ઝડપી લેવાને તૈયાર જ બેઠું છે. મને ખબર નથી કે હું શા માટે આ મેદાનોમાં રહ્યો છું. હમેશ સવારમાં એ પર્વતમાળા તરફ એકીટશે જોઉં છું;-સાંજે એ જ પર્વતમાળા પર નજર ઠેરવું છું. કદાચ એવો વખત પણ આવશે કે જ્યારે કોઇક અવર્ણનીય ખેંચાણથી હું પણ એ ભૂમિ તરફ જાઉં.'

કર્નલ સુરેન્દ્રનાથ બંને છોકરાઓ તરફ ફર્યો. તે બંને અત્યારસુધી એકશ્વાસે ભુટીઆની વાત સાંભળવામાં લીન થઇ ગયા હતા.

'કેમ છોકરાઓ ! સાંભળ્યું ને ?' કર્નલે કહ્યું, 'ધ્યાન રાખજો. કદી એ બાજુ જઇ ચડીને પર્વતની પેલીમેરની ભૂમિ જોવાની જીજ્ઞાસા રાખશો મા મેં જ્યારે આ જમીન વેચાતી લીધી ત્યારે, પર્વતની પેલી બાજુની ભેદભરી ભૂમિની વાત મારા જાણવામાં નહોતી. જે નેપાળી પાસેથી મેં આ જમીન અને ઘણ વેચાતાં લીધાં, તેણે મને ખાતરી આપી હતી કે આ જમીનમાંથી તેને સારો ફાયદો થયો હતો.'

'તેણે સાચું જ કહ્યું હતું.' ભુટીઓ બોલ્યો, 'આમાંથી તે સારૂં કમાયો હતો, કારણકે આ જમીન



બંને છોકરાઓ એકશ્વાસે ભુટીઆની વાત સાંભળવામાં લીન થઇ ગયા હતા.

બહુ ફળદ્રુપ છે, અને તેથી ઢોર પણ બહુ હૃષ્ટપુષ્ટ થાય છે. વળી અહીં પાણી પણ પુષ્કળ છે. પણ, તેણે એક વાત તમને કહી નહોતી. તેના ત્રણ ભાઇઓ આ પર્વત ઓળંગી ગયા છે અને તેમાંથી એકે પાછો ફર્યો નથી. પહેલાં સૌથી નાનો ભાઈ ગયો. ત્યાર પછી તેનાથી મોટો ગયો. બંને ગુમ થઇ ગયા એટલે ત્રીજો ભાઇ તેમની શોધમાં ગયો, અને તે પણ ત્યાં જ રહ્યો! આથી પેલા નેપાળીને બહુ બીક લાગી, અને તે એકદમ શહેરમાં નાસી ગયો. ત્યાં તે તમને મળ્યો, અને પોતાની જમીન વગેરે તમને વેચી દીધાં. હું જેટલું જાણું છું તેટલું મેં તમને કહ્યું છે. હું તો હમેશાં તમારો સાથી જ રહીશ, કારણકે તમે તો મારા જીવનદાતા છો. તમારા સૌથી વહાલા અને કીંમતી ધોળા બળદે જ્યારે મારા પર હલ્લો કર્યો ત્યારે તમે તેને મારીને મારો જાન બચાવ્યો છે. હું કાંઇ એવો નગુણો નથી કે એ ઉપકાર ભુલી જાઉં. હું તો તમારો કાયમનો દાસ છું.'

કર્નલ ખડખડાટ હસ્યો અને તેણે ભુટીઆની પીઠ થાબડી. 'તેં બંગાળી અને આસામી ભાષાનું જ્ઞાન પણ ઠીક લીધું લાગે છે. હું તને મારી સાથે જ રાખીશ.'

સુરેન્દ્રનાથ બંગાળામાં એક જાગીરદાર હતા. શોખથી લશ્કરી તાલીમ પણ તેમણે લીધી હતી, અને કર્નલ થયા હતા. થોડો વખત પોતાની જાગીરમાં ગાળ્યા પછી, ખુલ્લી સ્વતંત્ર જીંદગીથી લલચાઇને અહીં નેપાળમાં જાગીર ખરીદી રહ્યા હતા. તેમનો એકનો એક પુત્ર નરેન્દ્ર, અને નરેન્દ્રનો ભાઇબંધ વિપીન (વિપીનનાં માબાપ તેને સુરેન્દ્રનાથને ભળાવીને મૃત્યુ પામ્યાં હતાં, તેથી તે સુરેન્દ્રનાથની સાથે જ રહેતો હતો.) કર્નલની સાથે જ આવીને રહ્યા હતા.

નરેનની નસોમાં કુમારનું લોહી ઉછળતું હતું. તેનો સ્વભાવ સાહસિક હતો. જ્યારથી તેણે ભુટીઆની વાત સાંભળી ત્યારથી તે પર્વતની પેલી બાજુની અદ્ભુત વાતનો જ વિચાર કર્યા કરતો હતો. કર્નલને ખબર ન હતી; પણ દિવસે દિવસે બંને છોકરાઓ વધારે અધીરા થતા જતા હતા, અને સાથેસાથે એ અજ્ઞાત ભૂમિનો ભેદ ખોલવાનો નિશ્ચય કરતા જતા હતા. બંને અચ્છી સવારી કરી જાણતા હતા અને હથીઆર વાપરતાં પણ શીખ્યા હતા.

એક દિવસ બંને છોકરાઓ બીડમાંથી નાસી છુટેલા એક બળદને શોધવા નીકળ્યા. પીછો પકડતા પકડતા તેઓ પર્વતની તળેટીમાં આવી પહોંચ્યા. રાત પડવા આવી હતી; બળદ પણ અદશ્ય થઇ ગયો હતો.

'અત્યારે તો હવે પાછા જવું જ ઠીક છે. બળદ એની મેળે ટોળામાં પાછો આવી જશે; નહિ તો આપણે કાલે સવારે ફરીથી શોધ ચલાવીશું.' વિપીને કહ્યું.

પણ નરેને જવાબ ન દીધો. તેની નજર તો પર્વતની વચ્ચે આવેલા સાંકડા રસ્તા ઉપર હતી. બંને બાજુ ઉંચી કરાડો હતી. એ કરાડો પર્વતના દરવાજા જેવી જ લાગતી હતી. દરવાજા ઉપરથી સૂર્યનાં છેલ્લાં કિરણ રમત છોડી નાસી જતાં હતાં.

'જોયું!' એકદમ નરેન બોલી ઉઠયો.

કાંઇક—અથવા કોઇક, પેલી કરાડો વચ્ચે દેખાયું. ભાલાના ચમકારા જેવો એક ચમકારો દેખાઇને અદશ્ય થઇ ગયો. આકૃતિ જેવી આવી હતી તેવી જ ઝડપથી અદશ્ય થઇ ગઇ!

'વિપીન! મેં તો ત્યાં જઇને એ જોવાનો નિશ્ચય કર્યો છે.' નરેને કહ્યું.

'કાંઇ ગાંડો થયો?' વિપીને કહ્યું.

'ના. મેં તો કેટલા યે દિવસથી એ જમીનનો ભેદ જોવાનો નિશ્ચય કર્યો છે. આવી તક ક્યારે આવવાની છે? હું કાંઇ એ રસ્તે બહુ આગળ જવા જેટલો મૂર્ખ નથી. તું અહીં ઘોડા સાચવ. અંધારા પહેલાં તો હું પાછો આવીશ.'

'એમ કાંઇ હું તને એકલો નહિ જવા દઉં. ઘોડા અહીં સહીસલામત જ છે. માત્ર શંકા એટલી જ થાય છે કે આપણે પાછા ફરશું કે નહિ?'

જવાબમાં નરેન ખડખડાટ હસ્યો.

'નરેન! જવાનું માંડી વાળ. બહુ જોખમભર્યું છે, હોં!' વિપીને મનાવી જોયું.

'મેં તો એ પ્રદેશનો ભેદ ખોલવાનું પણ લીધું

છે. દુનીઆમાં સાહસ કરનારા ન હોત તો તો અરધી દુનીઆ શોધાયા વિનાની જ રહી હોત ને? કેમ, તારે આવવું છે કે નહિ?'

'હા; જરૂર. પણ મારૂં મન માનતું નથી. વળી અત્યારે આપણી પાસે કાંઇ હથીઆર પણ નથી; અને વખત છે, ને પેલી આકૃતિ ભયાનક પણ નીવડે!'. વિપીને કહ્યું.

પણ નરેન તો માત્ર હસ્યો જ. ઘોડાઓને છુટા મુકીને બંને જણ એ જીવસટોસટનું સાહસ ખેડવાને ઉપડયા.

અજ્ઞાત ભૂમિમાં



રસ્તો લાંબો અને ચઢાણવાળો હતો. નરેન કે વિપીન કોઇએ કલ્પ્યું નહોતું કે તેઓ ધારેલી જગ્યાએ પહોંચશે તે પહેલાં જ સૂર્યાસ્ત થઇ જશે, અને ભયાનક રાત્રિ આવી પહોંચશે.

ઠંડોબોળ પવન તેમનાં શરીર સોંસરો પેસી જતો હતો. છેવટે તેઓ દરવાજાની નજીક આવી પહોંચ્યા. આસપાસની શાંતિ બહુ બીહામણી લાગતી હતી. ક્યાં યે જરાંકે ખખડાટ થતો ન હતો. ચંદ્ર ધીમે ધીમે ઉગતો હતો અને તારાઓ પણ એક પછી એક ડોકીઆં કરતા જતા હતા.

'આપણે ચઢાણ ચડી રહીએ તે પહેલાં આમ રાત પડી જશે એમ મેં નહોતું ધાર્યું.' નરેને કહ્યું.

'આપણે પેલા દરવાજા પાસે પહોંચશું ત્યાં તો ચંદ્ર ઠીક ઠીક ઉંચે ચડ્યો હશે. આપણે તે અજ્ઞાત ભૂમિ ઉપર દૃષ્ટિપાત તો કરી શકીશું. પછી ઝડપથી ઘર તરફ પાછા ફરશું, અને કાલે ભુટીઆને સમજાવીને આપણી સાથે લેશું.'

બંને છોકરાઓ આગળ ધસ્યે જતા હતા. દરવાજા અને તેમની વચ્ચે હવે માત્ર પચીસેક ડગલાંનું જ અંતર રહ્યું હશે. અત્યાર સુધી કોઇએ તેમને રોક્યા ન હતા. શાંતિ એવી જ અખંડ હતી. માત્ર તેઓનાં પગલાંનો જ અવાજ થતો હતો.

એક મીનીટ આગળ, અને પછી તો તે ભેદી જમીન ઉપર તેમણે દૃષ્ટિપાત પણ કર્યો હોત.

પણ...એકાએક, જેવા તેઓ દરવાજામાંથી પસાર થતા હતા તેવું તેઓ બંને ઉપર કાંઇક રેશમ જેવું સુંવાળું સુંવાળું ઉતર્યું. બંને અકેકી જાળમાં સપડાયા, અને જાળ ધીમે ધીમે તેમની આસપાસ વીંટળાવા લાગી. બંને કેદ થયા હતા! છુટવા માટેનાં તેઓનાં બધાં તરફડીઆં નકામાં હતાં.

પછી તેઓને લાગ્યું કે તેમને ક્યાંક લઇ જવામાં આવે છે. ક્યાં, તેની તેઓને ખબર ન હતી. એકાએક તેઓને ભય અને કમકમાટી સાથે પેલા નેપાળીના ત્રણે ભાઇઓની વાત યાદ આવી. સાથે ભુટીઆના શબ્દો કાનમાં ઘેરૂં ગુંજવા લાગ્યા: ......'ઘણુંએ એ પર્વતમાળા ઓળંગવાના યત્નો કર્યા છે, પણ કોઇ પાછું નથી ફર્યું. મૃત્યુ ત્યાં જનારને ઝડપી લેવાને તૈયાર જ બેઠું છે......'

* * * *

નીચે કર્નલ, પોતાના કુટુંબ સાથે છોકરાઓની વાટ જોઇ રહ્યો હતો. તેઓએ બળદની શોધમાં આટલું બધું મોડું કરી નાખ્યું હતું, તેથી બધાનાં મન ચિંતાતુર થયાં હતાં. કલાક પર કલાક વીતતા ગયા અને છેવટે સવાર પડી, પણ છોકરાઓનો પત્તો નહોતો. તેઓની ચિંતા બહુ જ વધી પડી. સુરેન્દ્રનાથ અને તેનાં માણસો છોકરાઓની શોધમાં નીકળી પડ્યા.

ક્યાં યે તેઓનો પત્તો કે નામનીશાન સરખાં મળ્યાં નહિ. સાંજે સૌ નિરાશ થઇને પાછા ફર્યા.

ઘેર સુરેન્દ્રનાથની પત્ની આંગણામાં બેઠી હતી. તેનું મોં મડદા જેવું ફીકકું પડી ગયું હતું. પાસે ભુટીઓ ઉભો હતો.

'ભુટીઆએ છોકરાઓના ઘોડા શોધી કાઢ્યા છે.' કર્નલ આવ્યા એવું જ તેમની પત્નીએ કહ્યું.

'ક્યાંથી?' કર્નલે પુછ્યું.

ભુટીઓ વચમાં જ બોલી ઉઠ્યો, 'હું તમારા ઉછરતા છોકરાઓનો સ્વભાવ બરાબર જાણતો હતો. તેઓ તો પર્વતની તળેટીમાં પહોંચેલા. ત્યાંથી હું તેઓના ઘોડાઓને તો પાછા લઇ આવ્યો તેઓ જરૂર એ બલિદાન-ભૂમિમાં ગયા લાગે છે.'

'શા ઉપરથી કહે છે?' કર્નલે અધીરાઇથી પુછ્યું.

'મેં તેઓના સગડ સુદ્ધાં જોયા ને. પણ હું તેઓની પાછળ ન ગયો.'

'ઠીક જ કર્યું. નહિ તો તને પણ ગુમાવી બેસત. જરા અહીં આવ જોઉં.' કર્નલે તેને પોતાની પાછળ આવવા કહ્યું.

બંને એકાંતમાં ગયા એટલે કર્નલે ભુટીઆને ખભે હાથ મુકી કહ્યું, 'હું છોકરાઓની શોધમાં જાઉં છું. તું મને સાથ કરાવીશ?'

'મારી જીંદગી તો આપને સ્વાધીન જ છે. સાંભળો, તમારા છોકરા ત્યાં જવાને અધીરા થયા હતા. વખત આવ્યો એટલે તેઓ તે બાજુ ગયા અને અજ્ઞાત ભૂમિમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કર્યો. તેમની પહેલાં જનારા પણ એ રસ્તે જ ગએલા. પણ આટલાં વરસ પર્વતની આસપાસ ભટકતાં, મેં એક બીજો રસ્તો પણ શોધી કાઢ્યો છે. ત્યાંથી કદાચ, આપણે છુપી રીતે એ બલિદાન ભૂમિમાં દાખલ થઇ શકીએ. હું તમને તે માર્ગ બતાવીશ.' ભુટીઆએ કહ્યું.

ભુટીઓ પર્વતમાં ઝમ્પુ ઉપર બેસીને ફરવાને ટેવાએલો હોવાથી તે પોતાના ઝમ્પુ ઉપર જ બેસી રહ્યો સુરેન્દ્રનાથ પગે ચાલીને જ નીકળ્યા ભુટીઓ, પોતે જાણે વિજય મેળવવા નીકળ્યો હોય તેમ, પોતાનો ભાલો, ઢાલ વગેરે લઇને સજ્જ થયો હતો. સુરેન્દ્રનાથે પણ, વહેલામોડા બળવાન શત્રુ સાથે મુકાબલો કરવો પડે તેમ હોવાથી પોતાની બારે બંદુક અને રાઇફલ સાથે લઇ લીધાં હતાં.

પર્વતના રક્ષકો આ બે જણને જોઇ ન શક્યા. બંને આગળ ને આગળ વધવા લાગ્યા. ભુટીઆએ દૂર એક ખીણ બતાવી. થોડા વખત પછી બંને ત્યાં આવી પહોંચ્યા. દૂર નાની નાની ખીણો હતી. જ્યાંત્યાં પાણીનાં ઝરણ વહેતાં હતાં. તે બધાંની પાછળ અજ્ઞાત ભૂમિ હતી.

બંને ત્યાં જ રાતવાસો રહ્યા અને બીજે દિવસે આગળ વધ્યા. તેઓને હવે વિશ્વાસ બેસતો ગયો કારણકે હજી સુધી તેમને કોઇ શત્રુનો કે જંગલી પ્રાણીનો ભેટો થયો ન હતો. થોડીવારમાં તેઓ જરા સપાટ જમીન ઉપર આવી પહોંચ્યા. પાસે જ એક નાની નદી વહેતી હતી.

એવામાં, એકાએક, ભુટીઆએ પોતાના ભાલા વડે કંઇક ઉપાડયું. કર્નલે તે તપાસ્યું તો નરેનનું કપડું માલુમ પડ્યું. તેને હવે વધારે આશા આવી. 'આપણે સાચા સગડ ઉપર જ છીએ.'

ભુટીઓ જવાબ દીધા વગર પોતાની તીક્ષ્ણ દૃષ્ટિ ફેરવતો ફેરવતો આગળ ચાલ્યો. છેવટે તેઓ નદી કાંઠે આવી પહોંચ્યા. નદીને કાંઠે કદાવર માણસોનાં પગલાં હતાં. હવે ભુટીઓ બરાબર સાવચેતીથી કર્નલને લઇને આગળ વધ્યો.

એકાએક તેઓની નજરે એક અતિ આશ્ચર્યજનક દેખાવ પડ્યો. ટેકરીઓની વચ્ચે એક અદ્‌ભુત સરોવર હતું, અને તેને કાંઠે, ટેકરીઓના ઢોળાવ ઉપર જુની બાંધણીનાં પથ્થરનાં મકાનો હતાં. અહીં એક ગુમ થએલ જાતિનું રહેઠાણ હતું. આ પ્રદેશ સેંકડો વર્ષો થયાં બધાથી અજાણ્યો રહ્યો હતો.

સુરેન્દ્રનાથ તો અવાક્ થઇ ડોળા ફાડીને આ અદ્‌ભુત દેખાવ તરફ જોઇ જ રહ્યા. ઉંડું ભુરૂં સરોવર;

ચળકતાં ધોળાં ઘરો; રંગબેરંગી કપડાં પહેરી શહેરમાં ફરતાં માણસો; સરોવરમાં ફરતી નાની નાની હોડીઓ; આ બધાંને વીંટળાઇ વળેલી લીલી ટેકરીઓ; અને એ સૌ ઉપર પડતો સૂર્યનો પ્રકાશ: આ દેખાવ જોઇને તો ભુટીઓ પણ ઘડીભર મોહિત ને આશ્ચર્યચકિત થઇ ગયો.

જાગીરદાર ગળગળો થઇને બોલ્યો, ' ભુટીઆ, ભુટીઆ ! હું તારૂં ઋણ અદા કરી શકું એમ નથી. તેં મને પર્વતનો રસ્તો બતાવ્યો, સાચો સગડ શોધી આપ્યો, તું મને અહીં સુધી લાવ્યો. હવે માત્ર એક વચન માગું છું. તુ મારી સાથે પેલા વિચિત્ર નગરમાં ચાલ. આપણે પેલા છોકરાઓ કેદ પકડાયા છે કે નહિ તેની તપાસ કરીએ.

પણ ભુટીઆએ તો માથું ધુણાવ્યું. જ્યારે કર્નલ આ દેખાવ જોતો હતો ત્યારે તે એવી જગ્યાએ પહોંચી ગયો હતો કે જ્યાંથી એકદમ નીચેની જગ્યા જોઇ શકાય. ભુટીઓ કઠણ હૈયાનો હતો, છતાં તેણે કંઇક એવું જોયું હતું કે જેથી તેનાં રોમાંચ ખડાં થઈ ગયાં, અને તેને કંપારી છુટી !

સપડાયા !



નરેન્દ્ર અને વિપીનને પેલાં ધોળાં મકાનોની પાછળ આવેલા કીલ્લામાં પુરવામાં આવ્યા હતા.

નેપાળીના ત્રણે ભાઇઓ અને બીજા કેદીઓને પણ ત્યાં જ પુરવામાં આવેલા. તેમની કોટડીમાં માત્ર એક નાની બારી હતી. તેમાંથી બંને નીચે આવેલું સરોવર જોઈ શકતા હતા. એ સરોવરની પાછળ, એક સીધી ભીંત જેવી ઉંચી કરાડ હતી. તેના ઉપર, રાક્ષસી કદનું એક પુતળું હતું. એ મૂર્તિને આ અજ્ઞાત ભૂમિના લોકો પોતાના દેવ તરીકે પુજતા હતા. આટલે દૂર હોવા છતાં નરેન અને વિપીન, તે મૂર્તિનું અવર્ણનીય ક્રૂરતાવાળું ભયાનક મોઢું બરાબર જોઇ શકતા હતા. મૂર્તિને રત્નજડિત મુગટ પહેરાવ્યો હતો, અને તેના આખા શરીરને સોનાનાં ઘરેણાંથી લાદવામાં આવ્યું હતું.

એ બારીએથી, નીચે ઉંચા કદાવર માણસો અહીંતહીં ફરતા જોવામાં આવતા હતા. બધાએ સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. તેઓની ચામડીનો રંગ જુના હાથીદાંત જેવો ફીકકો પીળો હતો. બધાએ પગમાં લાકડાની ચાખડીઓ પહેરી હતી. કીલ્લાની નીચે ચકચકીત બખ્તર પહેરેલા પહેરેગીરો હાથમાં ભાલા લઇને પહેરો ભરતા હતા.

જ્યારથી એ બંને છોકરાઓને પુરવામાં આવ્યા હતા ત્યારથી કોઇએ તેમની સાથે વાતચીત કરી ન હતી. પેલા ગંભીર દેખાતા કદાવર માણસોનું મૌન બહુ ભયંકર લાગતું હતું.

'આપણી શી દશા થશે ? આપણને ક્યાં સુધી અહીં રાખવામાં આવશે ?' નરેન બબડ્યો.

વિપીન થરથર્યો. 'પણ આપણી સાથે કોઇ બોલે તો યે ઠીક. તેઓ અંદરઅંદર તો બહુ ગુસપુસ ગુસપુસ કર્યા કરે છે.'

'હું કેટલો બધો મૂર્ખ કે અહીં આવવાનું સાહસ કર્યું ? અને તેમાં તને પણ સાથે લીધો !' નરેને કહ્યું. 'કર્નલને ખબર પડશે ત્યારે તે તો આપણને કાયમને માટે ગએલા ધારી લેશે. આપણી પહેલાં આવનારાઓનું શું થયું હશે ?'

વિપીને જવાબ ન દીધો. તેણે કંઇક છુપો અવાજ સાંભળ્યો હતો. થોડી વાર પછી સાંકળ ખખડી, કોટડીનું બારણું ઉઘડ્યું અને એક ઠીંગણો માણસ તેમની તરફ આવતો દેખાયો. તેના માથાના વાળ સફેદ હતા અને લાંબી ધોળી દાઢી ફરફરતી હતી. તેણે આવીને તરત જ પોતાનો કરચલીવાળો હાથ બારી બહાર કાઢીને મૂર્તિ તરફ ચીંધ્યો.

થોડીવારમાં તે કંઇક બડબડવા લાગ્યો. નરેન અને વિપીન બંને ચમક્યા; કારણકે તે આસામી ભાષામાં વાત કરતો હતો, અને એ બંને છોકરાઓને તે ભાષાનું તો સારૂં જ્ઞાન હતું.

'બલિદાન!' તેણે કહ્યું. 'પેલી મૂર્તિ તમારી વાટ જુએ છે. અહીં જેટલા આવ્યા છે તે બધાનો ત્યાં સોનાના તખ્ત ઉપર વધ કરવામાં આવ્યો છે. મને જ્યારે ત્યાં લઈ ગયા ત્યારે હું ગાંડો થઇ ગયો હતો. અને ગાંડાઓને તેઓ પવિત્ર ગણતા હોવાથી મને બચાવવામાં આવ્યો. તેથી જ હજી હું જીવું છું. તમારા જેવા ઘણાને મેં અહીં આવતા જોયા છે. છેલ્લા ત્રણ નેપાળી આવ્યા હતા. બધાનું પેલી મૂર્તિને બલિદાન દેવામાં આવ્યું છે.

બીકથી ગાભરા થઇને બંને છોકરા મૂર્તિની સામે જોઈ રહ્યા. હવે તેમને અજ્ઞાત ભૂમિમાં પગ દેનારની શી વલે થાય છે તેની ખબર પડી!

'સાંભળ.' નરેને પેલા બુઢ્ઢાનો ઝભ્ભો પકડી કહ્યું, 'અમે ફગતા છીએ, અને માત્ર અમારો સાહસી સ્વભાવ અમને અહીં દોરી લાવ્યો છે. અહીંથી નાસી છુટવાનો એકકે રસ્તો નથી? તું અમારી સાથે ચાલ. આપણે ત્રણે અહીંથી નાસી છુટીએ.'

પણ પેલાએ તો ડોકું ધુણાવ્યું, 'હું યે તમારા જેવો કેદી છું. જ્યારથી મને ગાંડો ગણીને અહીં લાવવામાં આવ્યો ત્યારનો અહીં જ છું. હું કીલ્લામાં મરજી મુજબ ફરી શકું છું, પણ કીલ્લા બહાર જવાની મને મના છે. પર્વત ઓળંગ્યાને મને કેટલાં વર્ષ થયાં તે પણ હું ભુલી ગયો છું....... તેઓ કહે છે કે જુના વખતમાં આસામી લોકોએ જ્યારે નેપાળ જીતી લીધું ત્યારે એક નેપાળી જાતિ તેમની ધુંસરી છોડાવીને અહીં આવી રહી છે. જેટલાં માણસો બહારની દુનીઆમાંથી આ પર્વત ઓળંગી આવે છે તેઓનું એ લોકો પોતાના દેવ સમક્ષ બલિદાન દઇ દે છે. તમે તો કુમળા અને ગભરૂ છો એટલે તમને તો બીલકુલ ન છોડે. તમારો વખત હવે ભરાઇ ચુક્યો છે. કાલે તમને અહીંથી લઇ જવામાં આવશે. હું અહીં ઉભો ઉભો, બારીમાંથી, ધર્મગુરુઓ તમારૂં બલિદાન દેશે અને તમારાં શબ સરોવરમાં પડશે તે જોઇશ!'

પછી, આખા ઓરડાને એક ભયંકર અટ્ટહાસ્યથી ભરી દઇને તે ડોસો ત્યાંથી ચાલ્યો ગયો અને બારણું દેવાઈ ગયું.

બલિદાનનો દિવસ

ત્રીજે દિવસ થયો. મૂર્તિની પાસે ત્રણ ધર્મગુરુઓ બલિની વાટ જોતા ઉભા હતા. મૂર્તિને હાર પહેરાવી શણગારવામાં આવી હતી.

એ આખા વિચિત્ર નગરને પણ કોઇ મોટો ઉત્સવ હોય તેમ શણગારવામાં આવ્યું હતું શહેરનાં બધાં માણસો બલિદાન દેવાતું જોવા માટે એકઠાં થયાં હતાં.

થોડી વારમાં એક નાનું સરઘસ આવી પહોંચ્યું. સૌથી આગળ એક પહેરેગીર ચાલતો હતો. તેની પછી બંને છોકરાઓ ચાલતા હતા. તેમના હાથ તેમની પુંઠે બાંધી દેવામાં આવ્યા હતા. તેની પછી ભાલા લીધેલા પહેરેગીરો ચાલતા હતા.

તેઓ ચઢણ ચડતા હતા ત્યારે બંનેને વિચાર આવ્યો કે ધર્મગુરુઓના હાથે મરવા કરતાં, રસ્તામાંથી જ સરોવરમાં ભુસકો મારી જીંદગીનો અંત આણવો એ બહેતર. પણ પહેરેગીરો પુરા સાવચેત હતા. તેઓ કાંઇ તેમને સુખેથી મરવા દે તેમ નહોતું. છેવટે બધા મૂર્તિ પાસે આવી પહોંચ્યા. બલિદાનની બધી તૈયારીઓ થઇ ચુકી હતી.

પહેરેગીરોએ તેમના પગ પણ બાંધી લીધા, એ-ટલે તેઓ તદ્દન નિરાધાર થઇને તે ભયંકર મૂર્તિના પગ પાસે ગાંસડી પેઠે ઉંધા પડ્યા.

પછી ધર્મગુરુઓ યથાવિધિ મંત્રો ભણવા લાગ્યા. પહેરેગીરો પણ વધસ્થાનથી પાછા હઠી ગયા.

બધું તૈયાર હતું. ત્રણે ધર્મગુરુના હાથમાં એકેકો લાંબો તીક્ષ્ણ છરો હતો. દરેકને વારાફરતી વધ્યની છાતીમાં છરો ઘોંચવાનો હતો.

ચારે તરફ શાંતિ હતી. નરેન્દ્ર દઢતાથી આંખો મીંચીને મૃત્યુની રાહ જોતો હતો. એવામાં એકાએક બંદુકનો એક ધડાકો સંભળાયો! જોતજોતામાં તો

બીજો અને ત્રીજો ધડાકો પણ સંભળાયો !

શું બન્યું હતું ?

ધડાકા એટલા બધા ઝડપથી અને ઓચીંતા થયા હતા કે વારાફરતી ત્રણે ધર્મગુરુઓ ક્યારે ચીસ પાડીને, ગડથોલીઆં ખાઇ સરોવરમાં પડ્યા તેની વિપીન કે નરેન્દ્રને ખબર પણ ન પડી.

એવામાં તો બીલાડીની જેમ લપાતો લપાતો, ભુટીઓ મૂર્તિની પાસે આવી પહોંચ્યો. આવીને તરત તેણે બંનેનાં બંધન કાપી નાખ્યાં. તરત જ છોકરાઓને શું બન્યું હતું તેની ખબર પડી. ત્રણે મુઠીઓ વાળીને નાઠા. આગળ બંને છોકરાઓ અને પાછળ ભુટીઓ.

જે રસ્તેથી નરેન્દ્ર અને વિપીનને મૂર્તિ પાસે લાવવામાં આવ્યા હતા તે, આગળ જતાં એક ઉંચી ભેખડ ઉપર અટકતો હતો. સુરેન્દ્રનાથ અને ભુટીઓ ત્યાં જ રોકાયા હતા. ત્યાંથી જ ભુટીઆને એકદમ નીચે બલિદાનની તૈયારી જોઇ કંપારી વછુટી હતી. જેવા ત્રણે ધર્મગુરુઓ છરો ઉગામીને તૈયાર ઉભા કે તરત જ કર્નલે ત્રણ ગોળાથી ધર્મગુરુઓનો અંત આણ્યો અને છોકરાઓને બચાવ્યા

દરમ્યાન ભુટીઓ લપાતો લપાતો આવી પહોંચ્યો હતો. જેવા છોકરાઓ કર્નલ પાસે આવી પહોંચ્યા કે તરત જ ભુટીઆએ કહ્યું, 'તમારે પગે ચાલવાનું છે, માટે તમે જલદી આગળ વધો. હું પાછળ આવું છું.'

ભુટીઆને ખાતરી જ હતી કે કોઇક તેમનો પીછો પકડશે. તેથી તે લડવા માટે બરાબર તૈયાર થઇ ગયો.

ત્રણે ભાગનારાઓ ખુબ આગળ જઇને થોભ્યા. હજી બીજા એક કલાક સુધી દોડ્યા પછી અજ્ઞાત ભૂમિમાંથી નીકળાય તેમ હતું. થોડીવારમાં એક કદાવર પહેરેગીર તેમની પાછળ આવતો દેખાયો. તેણે ભુટીઆ ઉપર પોતાની પ્રચંડ બરછીનો ઘા કર્યો. પણ ભુટીઆએ ચપળતાથી તે ચુકાવીને, સામો માણસ પોતાની તલવાર ઉગામે તે પહેલાં જ, પોતાના ભાલાથી તેને ત્યાં જ પુરો કરી દીધો. તેઓ પર્વત વટાવવાની તૈયારીમાં હતા ત્યાં બીજા માણસો પણ દેખાયા, પણ તેમાંથી બેને તો ભુટીઆએ પોતાના ભાલાથી જ સ્વધામ પહોંચાડ્યા. બાકીના થોડા કર્નલની બંદુકના ભોગ થઇ પડ્યા.

* * * * *

નીચે નેપાળમાં અજ્ઞાત ભૂમિનો ભેદ જાણનારા ચાર સાહસિકો રહે છે. આસપાસના લોકોને તેમણે નરેન્દ્ર અને વિપીનના પકડાવાની, છુટવાની અને મૂર્તિની તથા વિચિત્ર લોકોની વાત કરી છે. પણ ત્યાંના ખજાનાની—ત્યાં આવેલાં પુષ્કળ સુવર્ણ અને રત્નોની વાત કોઇને કરી નથી; કારણકે એ તો સોનું કહેવાય. કદાચ, તેનાથી લલચાઇને બીજા કોઈ સાહસિકો ત્યાં જાય તો તેમને અગાઉ જનારની સ્થિતિ ભોગવવી પડે.

છતાં, હજી કોઇ કળી શકતું નથી કે ક્યાં સુધી પેલી વિચિત્ર જાત, પોતાના જુના રીતરીવાજો ફેરવ્યા વિના, એમ ને એમ, એ ભેદભૂમિમાં રહેશે.

સૂચિત] ઉપેન્દ્ર જી. ભટ્ટ

ચોપડી સારી રાખવી હોય તો

મેલા હાથે એને અડશો નહિ.

કોઇ પણ કારણે એને જમીન પર પછાડશો નહિ.

ગાદીતકીઆ તરીકે એનો ઉપયોગ કરશો નહિ.

નીશાન રાખવા ખાતર એનાં પાનાં વાળશો નહિ.

વાંચવું બંધ થાય એટલે એને પણ બંધ કરશો.

પાનાં ફેરવતી વખતે થુંકવાળી આંગળી અડાડશો નહિ; માત્ર ઉપલી કોર વડે જ ફેરવવાનું ધ્યાનમાં રાખશો.

ચોપડી બંધ કરો ત્યારે અંદર પેનસીલ કે ફુટપટી કે એવું કાંઇ રહી નથી જતું એટલું સંભાળી લેશો.



બલિદાનની ભૂમિ......

પહેરેગીરોએ તેમના પગ પણ બાંધી લીધા, એટલે તેઓ તદ્દન નિરાધાર થઈને તે ભયંકર મૂર્તિના પગ પાસે ગાંસડીના પેઠે ઊંધા પડ્યા. ❧

❧ ❧ બધું તૈયાર હતું. ત્રણે ધર્મગુરુના હાથમાં અકેકો લાંબો તીક્ષ્ણ છરો હતો. દરેકને વારાફરતી વધ્યની છાતીમાં છરો ભોંકવાનો હતો. ❧

❧ ❧ ચારે તરફ શાંતિ હતી. નરેન્દ્ર દૃઢતાથી આંખો મીંચીને મૃત્યુની રાહ જોતો હતો. એવામાં એકાએક બંદુકનો એક ધડાકો સંભળાયો! જોત-જોતામાં તો બીજો અને ત્રીજો ધડાકો પણ સંભળાયો! ❧ ❧ ❧

કુમાર
પોષ: ૧૯૮૧

મિનર્વા પ્રિન્ટરી, પાંચકુવા, અમદાવાદ.



રવીન્દ્રનાથ ઠાકુરની ચીન–યાત્રા

દુભાષીઆ મિ. એલ્મહર્સ્ટ મિસ ગ્રીન

કાલિદાસ નાગ ક્ષિતિમોહન સેન નંદલાલ બસુ

મિસ લીન ચીનની રાણીના અંગ્રેજ શિક્ષિકા

રવીન્દ્રનાથ ઠાકુર



કૌમાર

[ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ]

ચંચલ બાલ્ય લીલા વિરમી જો
ગંભીર ભાવ સ્ફૂર્યાં વદને;
શૈશવ ઉભું મંદ મલકતું
નવકૌમાર તણે સદને;
અકલિત એ ભાવિ–ભંડાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

◆

નંદનવનનો રોપ દીસે શું
ઉછરેલો એ આમ્ર-અશોક,
વિકસી અંગત્વચા અતિ કોમળ,
જીવન રસમાં ખાતું ઝોક;
શોભાવન એ રસશૃંગાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

◆

ઉદિત અરુણની અંદર જેવી
ભાસ્કરની જ્યોતિ ચળકે;
આછેરી યૌવનની એવી
તનમાંહે સુરખી ઝળકે;
કમનીય કાંતિ, હૃદય ઉદાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

◆

આશાનો એ અખુટ ખજાનો,
અજબ કલ્પના-ધનની ખાણ;
જીવનભરની જ્વલંત જ્યોતિ,
માનવકુલનો રસ-મેરાણ;
કુસુમાયુધ નવ-ધનુ-ટંકાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

વિલોલ લોચન, મીટ મરમાળી,
અણીઆળાં ભાલાં શાં નેણ;
મંજુલ ઘેરા કંઠ ગહેકે,
સ્મિતભર્યાં મુખ સુંદર વેણ;
કલા રહી વરસી ચોધાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

◆

નવ ઉત્સાહ તણાં પુર રેલે,
સાહસના ઉછળે હીલોળ;
ગરજે ઉચ્ચ મનોરથ એમાં,
હૈયાં નીતરતાં રસબોળ;
મૈત્રીના મોંઘા સત્કાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

◆

પ્રદક્ષિણાઓ કર પૃથ્વીની,
સકલ ગગનતલ માપી લે;
રત્નાકરનાં રત્ન ઉલેચી
રંક જનોને આપી દે;
સંકટ સહવા થા તૈયાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

◆

જોગી હો, વા જતિ અડગ હો,
દાતા કે શુરવીર થજે;
કલાકાર તું બની કુદરતનો
સ્વર્ગ જગતમાં ચીતરજે;
સત્ય હજો તારો શણગાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

પારકી આંખે



[ચાર પત્રો]

૧

[અંગ્રેજ બાળકોને એમના પિતાનો પત્ર]

વ્હાલાં બાળકો,

અહીં તમારા કાકા સાથે શેરીઓમાં આમતેમ ફરવાનો મને શોખ છે. અહીંનાં હીંદી બાળકોને હું જ્યારે જોઉં છું ત્યારે મને આનંદ થાય છે.

જ્યારે હીંદીઓ મોટા થાય છે ત્યારે તેઓ સહેજ ગંભીર બને છે. પણ છોકરાંઓ તો સદા યે આનંદી અને ચપળ જ હોય છે. હીંદી માબાપોને પોતાના છોકરાઓ બહુ વ્હાલા હોય છે. છોકરીઓની તેઓ બહુ ઓછી દરકાર રાખે છે.

હીંદી છોકરાઓ બહુ જલદી પ્રૌઢ થઇ જાય છે. કાચી વયમાં તેઓ કામે ચડે છે; અને આશરે સોળ વર્ષની ઉમરે તો તેઓ પરણે છે ! છોકરીઓ તો એથી યે બેચાર વર્ષ વહેલી પરણે છે !

મોટે ભાગે દરેક છોકરો પોતાના બાપનો જ ધંધો કરે છે. જેમકે ખેડુતનો છોકરો ખેડુત બને, વણકરનો છોકરો વણકર બને, વગેરે.


ઘણાખરા છોકરાઓ તો નીશાળે જાય છે; પણ છોકરીઓ ક્વચિત જ જાય છે. તે બાપડી તો, ચાલતાં શીખી કે ઘરકામ અથવા ઘણે ભાગે ખેતરે જવાનું શરૂ કરે છે. હીંદુસ્તાનમાં ગરીબ બીચારી સ્ત્રીઓ અને છોકરીઓ જ ઘણુંખરૂં કપરૂં અને કઠણ કામ કરે છે.

દોલતમંદ પિતા પોતાની દીકરીને ઘરના અંદરના ભાગમાં પુરી રાખે છે. ઘરનાં માણસો સિવાય બીજું કોઇ તેમના ચહેરા સુદ્ધાં કદી જોઈ શકતું નથી. વળી બહાર નીકળે ત્યારે તેઓ માથાથી પગ સુધી બુરખો ઓઢી પોતાને ઢાંકી દે છે. કેટલીકવાર તો તેમને ચોતરફથી બરાબર બંધ કરેલી પેટીમાં, બે આડી વળીઓ ઉપર ઉંચકીને, એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવામાં આવે છે.

આ બીચારી તવંગર છોકરીઓ માટે તમને દુઃખ નથી થતું ? મને તો થાય છે. તેઓ સારી સારી ગેલ કરવાની રમતો પોતાના ઓળખીતા છોકરાઓ સાથે કોઇ પણ કાળે રમી શકતી નથી, તેમજ ગામની ભાગોળે દૂર સુધી ફરવા જઇ શકતી નથી.

જે સુંદર સૃષ્ટિમાં તેઓ વસે છે તેને વીશે તેમને ભાન નથી હોતું. તેમના ઓરડાઓ સુંદર હોય છે, તેમની સાડીઓ ભવ્ય હોય છે અને તેમનાં જર-જવાહીર આકર્ષક તથા મોહક હોય છે. પણ ગમે તેમ તો યે તેઓ આખરે તો કેદી જ ને ?

ગઇ કાલે હું તમારા કાકા સાથે એક ગામડી નીશાળે ગયો હતો. ફક્ત વીસ જ છોકરાઓ ત્યાં હતા. નીશાળનું છાપરૂં ઉડી ગયું હતું એટલે બહાર ખુલ્લામાં વર્ગો લેવાતા હતા.



છોકરાઓ તમારી પેઠે જ ગોઠવાઇને બેઠા હતા. મહેતાજી પાટીઆ ઉપર લખીને તથા મણકાની ઘોડી વડે દાખલા શીખવતા હતા. દરેક છોકરા પાસે ચોપડી હતી. એ અંગ્રેજીમાં છાપી ન હતી. દેશના એ ભાગમાં જે ભાષા બોલાય છે તે તેમની સ્વભાષામાં છાપેલી હતી.

કેટલાક છોકરાઓ કૉપીબુકમાં લખતા હતા. પણ ઘણા તો એક પાતળા પાટીઆ પર લખતા હતા. એ તેઓ પાટીને બદલે વાપરે છે. પેનને બદલે બરૂની બનાવેલી કલમ તેઓ વાપરતા હતા.

ચાકને પીસીને એક વાટકીમાં પલાળ્યો હતો. છોકરાઓ તેની અંદર, તમે જેમ શાહીમાં તમારી ટાંક બોળો છો તેમ, બરૂની કલમ બોળતા હતા. તેઓ લખતા હતા તે અક્ષરો ને આંકડાઓ આપણા કરતાં સાવ જુદા જ હતા.

કેટલાક છોકરાઓએ પોતાની ચોપડી બહુ સારી રીતે વાંચી અને અઘરા અઘરા દાખલાઓ ગણ્યા. તેઓએ 'ગૉડ સેઈવ ધ કિંગ' નું ગીત મને ગાઇ સંભળાવ્યું. એ એમની ભાષામાં રચેલું હતું.

શહેરોની અંદર મોટી અને સરસ નીશાળો છે. કેટલાક વિદ્યાર્થીઓ તો બેશક ઘણા જ હોશીઆર હોય છે. હું ધારૂં છું કે હીંદી છોકરાઓ આપણા છોકરાઓ કરતાં ભણવામાં વધુ ખંત અને હોંશ રાખે છે.

પિતાની આશિષ

[ઇંગ્લંડથી બાળકોએ તેમના પિતા પર લખેલા પત્રો]

૨

પ્યારા પિતાશ્રી,

તમારો કાગળ મળ્યો. કાગળ વાંચીને વિલીને થયું કે હીંદુસ્તાની બાળકો કેવા હોતા હશે એ એકવાર હીંદુસ્તાન જઇને જોઇ આવીએ. પણ કૅથેરાઇન કહે છે કે હીંદુસ્તાનમાં જબરા જબરા વાઘ હોય છે અને કોકવાર તો ઝેરી સર્પો પણ પથારીમાં આવી ચડે છે! એટલે વિલીનો હીંદુસ્તાન જવાનો ઉત્સાહ મોળો પડયો છે મેં એને કહ્યું, 'હાદુસ્તાનમાં મુસાફરી તો હાથી ઉપર થાય છે એટલે વાઘની યે બીક રાખવાની



જરૂર નથી. રાત્રે હાથી ઉપર જ સુઇ જઇએ એટલે પત્યું.' મેં સાંભળ્યું છે કે હીંદુસ્તાનમાં બાંબુ કરીને એક જાતનું ઘાસ હોય છે તે આપણાં મોટાં મોટાં ઝાડ કરતાં પણ ઉંચું હોય છે. શું એ વાત સાચી છે? શું હાથી એવું ઘાસ ખાઇને જ જીવતો હશે? હાદુસ્તાનના છોકરાઓ વાઘથી બીતા નથી. મને લાગે છે, છોકરીઓ બીતી હશે તેથી જ તેમને ઘર બહાર જવા દેતા નહિ હોય. તમે હીંદુસ્તાનની છોકરીઓને કેમ ન કહો કે તેઓ અહીં આવીને રહે? અહીં તેમને ફરવાહરવાની છુટ મળશે; અને વાઘ તો અહીં ફક્ત ચોપડીમાં જ જોવાને મળે.

તમારી હમેશની દીકરી
ઓલિવીઆ

૩

વ્હાલા બાબા,

ઓલિવીઆએ ગઈ મેલમાં તમને કાગળ લખ્યા પછી આપણા પડોશી રેવરંડ સાઇમનને ત્યાં એક હાદુસ્તાનનો માણસ આવ્યો હતો, તેને અમે બધા જોવા ગયા. અમે ધાર્યું હતું કે એ એબની જેવો કોઇ કાળો હબસી હશે. પણ તે તો કોઇ ફ્રેન્ચમન કે ઇટૅલીઅન જેવો જ દેખાતો હતો! અને અંગ્રેજી બોલે, ત્યારે પણ ઇટૅલીઅન જેવા પહોળા ઉચ્ચાર કરે. આપણા રીવાજો જાણે નહિ એટલે કોઇકોઈ વખત વિવેક જાળવી શકતો ન હતો; પણ હતો ભારે સભ્ય. તેને અમે તમારો કાગળ બતાવ્યો. તે કહે છે 'તમે લખ્યું છે એ મોટે ભાગે શહેરો વીશે જ સાચું છે. ગામડાંઓમાં છોકરીઓને છોકરાઓ જેટલી જ છુટ હોય છે. પણ ત્યાં છોકરાઓ ને

છોકરીઓ ભણતાં નથી. સો વરસ પહેલાં ત્યાંનાં છોકરાંઓ એમના ધર્મનું બાઇબિલ વાંચવા પુરતું લખતાંવાંચતાં શીખતાં. હવે તો તે પણ ગયું છે.' મેં તેને હાદુસ્તાની છોકરીઓ વીશે પુછ્યું. મેં કહ્યું, 'તમે કેવા ખરાબ લોકો કે છોકરીઓને ઘરમાં જ પુરી રાખો છો? હું હીંદુસ્તાનમાં આવું તો મને પણ પુરી રાખશો? હું નથી જ પુરાઇ રહેવાની.' મારા સવાલનો જવાબ આપતાં તે માણુસ કંઇક મુંઝાયો.



એક નીસાસો નાખી એણે કહ્યું, 'તમારા પિતાશ્રીએ લખી છે એ વાત, વાત તરીકે સાચી છે; પણ એનો અર્થ એ નથી કે અમને અમારી દીકરીઓ વ્હાલી નથી. અમારે ત્યાં છોકરીઓ બહુ નાની હોય ત્યારથી જ તેને તેના પતિને ત્યા રહેવા જવું પડે છે. વળી પોતાનો પતિ પણ છોકરી પોતે પસંદ નથી કરતી, પણ માબાપો જ પસંદ કરે છે. ખરાબ લોકો પોતાની છોકરી તરફ કે સ્ત્રા તરફ જુએ એ અમારા દેશના મરદો પસંદ કરતા નથી. અને તેટલા માટે જ તેમને ઘર બહાર જવા દેવામાં આવતી નથી. હવે એ રીવાજ મોળો પડતો જાય છે, અને સ્ત્રીઓને વધુ ને વધુ છુટ મળતી જાય છે. સ્ત્રીઓને ઘરમાં જ રહેવું પડે એ તેમને માટે કેદ નથા, તેમના ઉપર અણ-વિશ્વાસ નથી, પણ સ્ત્રીઓને ફુલની પેઠે સાચવવી જોઇએ એ ખ્યાલથી યોજેલો ખોટો ઉપાય હતો. તુર્કસ્તાન, અરબસ્તાન તરફથી તે હીંદુસ્તાનમાં આવ્યો. પરંતુ તે પણ આખા હીંદુસ્તાનમાં નથી. દક્ષિણ તરફની કાઉન્ટીઝમાં એ રીવાજ છે જ નહિ.' પછી મેં એને 'ગૉડ સેઇવ ધ કિંગ' ગાવાનું કહ્યું. એણે ના પાડી. મેં કહ્યું, 'તમને નહિ આવડતું હોય.' એ કહે, 'ના, આવડે તો છે. હું નાનો હતો ત્યારે વિક્ટોરીઆ રાણીનું રાજ હતું. એ અમને પસંદ હતું, ત્યારે અમે 'ગૉડ સેઇવ ધ ક્વીન' ગાતા. હવે તમારા રાજા વીશે અમારા મનમાં પ્રેમ રહ્યો નથી.' એ સાંભળી આપણો વિલી લાલચોળ થઇ ગયો અને પુછ્યું, 'કેમ?' એના જવાબમાં એણે એટલું બધું કહ્યું, કે તે જો સાચું હોય તો, સાચે જ, મને પોતાને ઇંગ્લિશ કોમની ગણાવતાં શરમ જ ઉપજે. પણ એ સાચું હોય જ કેમ? તમે ત્યાં છો. તમે શું આવી સરકારમાં કામ કરી શકો? આટલો જુલમ જોતાં પહેલાં મારા કાકા રાજીનામું આપીને અહીં પાછા ન આવી જાત? ગમે તે હો, પણ આજે અમને સારી ઉંઘ આવવાની નથી. તમે જરૂર અમને કાગળ લખી સાચી વીગતથી વાકેફ કરશો.


તમારી આજ્ઞાધારક દીકરી

કેથેરાઇન

૪

પૂજ્ય પિતાશ્રી,

કેટે પોતાનો કાગળ તમને મોકલતાં પહેલાં મને વંચાવ્યો. સાચે જ, તે દિવસે મને થયું કે પેલા હીંદુનું માથું ભાંગી નાખું. આપણા ઘરમાં આવીને તે જો એવી વાતો કરત, તો હું એને મારા ચાબુકનો પ્રસાદ ચખાડી ઘરમાંથી કાઢી મુકત. પણ અમે તો રેવરંડ સાઇમનને ત્યાં બેઠા હતા. અને રેવરંડ સાઇમન બધી વાત સારી રીતે સાંભળતા હતા. આપણા જુલમની વાતો ચાલતી ત્યારે લાલ થવાને બદલે તેઓ ફીક્કા પડી ગયા હતા. ગઈ કાલે એ હીંદુ મને રસ્તા ઉપર મળ્યો હતો. મેં એને ઉભો રાખી કહ્યું, 'તેં કાલે કહેલી વાત પુરવાર કર, નહિતો મારી કોમની નાલાશી કર્યા બદલ માફી માગ. તું કાયર નહિ હો તો એમાંથી એક જરૂર કરીશ' એ મને ત્યાંથી સીધો બુકસેલરને ત્યાં લઇ ગયો, અને મને 'અમૃતસર' નામની ચોપડી આપી. તે આપણા એક



અંગ્રેજે જ લખેલી છે. મિ. હૅાર્નિમન અંગ્રેજ છે, અને હીંદુસ્તાનમાં રહી આવેલ છે. રાત્રે એ ચોપડી હું આખી વાંચી ગયો. કેટ પણ વાંચી ગઇ. આવતી કાલે પેલો હીંદુ રેવરંડ સામમનને ત્યાં ફરી આવવાનો છે. એણે મને ત્યાં મળવાનું કહ્યું છે. કયું મોઢું લઇને ત્યાં જઇશ એ હું જાણતો નથી. પણ ન જાઉં તો એ મને સામો કાયર નાહ કહે? શું સાચે જ આપણે એવા થઇ ગયા છીએ? મને થાય છે કે હું આઇ. સી. એસ. ને માટે તૈયારી કરૂં એના કરતાં મિશનરી થઇને હીંદુસ્તાનમાં જાઉં. કાંઇ નહિ તો ત્યાંના લોકોને એટલું તો કહીશ કે અંગ્રેજ કોમ બગડી હશે, પણ ખ્રીસ્તી ધર્મ હજી બગડચો નથી.

તમારો ધવાએલો દીકરો
વિલિયમ

પુછો તંત્રીને

દુનીઆમાં વધુમાં વધુ ગરમીવાળું શહેર હીંદુસ્તાનમાં 'મુરઝુક' નામનું ગણાય છે ત્યાં ૧૩૭ અંશ ગરમી પડે છે; પણ મધ્ય આફ્રિકામાં ૧૩૫ાા અંશ ગરમી મપાઇ છે.

વાયરલેસનો સંદેશો વીજળી વાટે જાય છે. વીજળીનાં મોજાં આકાશની હવામાં થઇને જઇ શકે છે, એટલું જ નહિ પણ પદાર્થો વચ્ચેથી યે વહે છે.

બરફ પાણીમાં તરે છે કેમ? એક શેર પાણીનો બરફ વજનમાં તો એક શેર જ થાય. પણ પાણી જામે છે એટલે તે ફુલે છે, અને તેનું આકારમાન વધે છે; માટે બરફને રહેવાની જગ્યા, એટલા જ વજનના પાણીના કરતાં વધુ જોઇએ. અને પાણીનો એવો નિયમ છે કે તેના જેટલા જ આકારમાન વાળી વસ્તુ તેના કરતાં વજનમાં હલકી હોય તો તે તરે. આથી બરફ પાણીમાં તરે છે.

દીવાની જ્યોત ઉંચી કેમ બળે છે? દીવો સળગાવીએ એટલે આસપાસની હવા ગરમ થાય છે, અને તેથી તે હવા પાતળી બની ઉંચે ચઢે છે. આમ ઉંચે ચઢતો હવાનો પ્રવાહ જ્યોતને ઉંચી રાખ્યા કરે છે પવનનો ઝપાટો આવે તો જ્યોત નીચી નમે.

મીઠું ખાવાથી તરશ કેમ લાગે છે? લોહીને થોડા મીઠાની જરૂર તો રહે જ છે. પણ અ ગે પ્રમાણ કરતાં વધારે મીઠું ખાઇએ છીએ ત્યારે લોહીમાં ખાર વધે છે. એ ખારાશ ઓછી કરવની તો જરૂર રહે જ લોહીની એ ખારાશ ઓછી કરવ સારૂ શરીર જીભ વાટે પાણી માગી લે છે. એને આપણે તરશ લાગવી કહીએ છીએ.

નવા સવાલ

'અરેબીઅન નાઇટ્સ'ની વાર્તાઓ કોણે લખી?

વરસાદ વરસી રહ્યા પછી ફુલોમાંથી વધારે સુગંધ કેમ આવતી હશે?

આકાશ આસમાની રંગનું કેમ હશે?

બંદુક ફોડતી વખતે પાછળથી તેનો ધક્કો શામાટે વાગે છે?

વાઘને ડીલે ચટાપટા કેમ હોય છે?

સ્વીકાર

અલંકાર તથા **ગુરુકુલ સમાચાર**: સ્નાતક મંડળ, ગુરુકુલ-કાંગડીનું મુખપત્ર (માસિક); વાર્ષિક લવાજમ રૂા. ૩

બાલવિકાસ: (માસિકનો પહેલો અંક): તંત્રી, પદ્મનાભ શાસ્ત્રી, કુંડલા, કાઠીઆવાડ; લવાજમ, વરસના રૂા. ૩; છ માસનો રૂા. ૧ાા.

બુઝાતો દીપક: ભાગ ૧: સૌરાષ્ટ્ર સાહિત્ય શ્રેણી, વર્ષ ૨, અંક ૪; અનુવાદક, કકલભાઈ કોઠારી; પ્રકાશક, સૌરાષ્ટ્ર કાર્યાલય, રાણપુર, કાઠીઆવાડ; કીંમત છ આના.

રાજપુતાનાનાં આંસુ: સૌરાષ્ટ્ર સાહિત્ય શ્રેણી, વર્ષ ૨, અંક ૫; અનુવાદક તથા પ્રકાશક ઉપર પ્રમાણે; કીં. છ આના.

સ્વ. કાન્તનાં બે નાટકો: સૌરાષ્ટ્ર સાહિત્ય શ્રેણી વર્ષ ૨, અંક ૬; સંપાદક મુનિકુમાર મ ભટ્ટ; પ્રકાશક ઉપર પ્રમાણે; કીંમત એક રૂપીઓ.

નિર્મળા: 'ગુજરાતી પંચ'ની ૧૯૨૪ ની ભેટ; લેખક, ચતુર્ભુજ માણેકેશ્વર ભટ્ટ, દાંતા; પ્રકાશક, સોમાલાલ મંગળદાસ શાહ, પાંચકુવા, અમદાવાદ; કીંમત બે રૂપીઆ.

પંકજ' નું પ્રચંડ કાવતરૂં: પ્રકાશક, ગાંડીવ સાહિત્ય મંદિર, કેળાપીઠ સુરત; કીંમત છ આના

આ અંકથી નવું વર્ષ શરૂ થતું હોવાને લીધે બધાના ગ્રાહકનંબર ફેરવાઇ ગયા છે. તમારો નવો ગ્રાહક નંબર આ અંકના રૅપર ઉપર લખેલો હશે તે ધ્યાનમાં રાખજો, અને પત્રવ્યવહાર કરતી વખતે તે અચુક લખજો.

રવીન્દ્રનાથ ઠાકુરની ચીન-યાત્રા

[છેલ્લા મહાભારત યુદ્ધ પછી જગતની પ્રજાઓને જણાયું કે વેરભાવની શાન્તિ વેરભાવથી થાય તેમ નથી. તેથી તેઓએ એક પ્રજામંડળ સ્થાપ્યું અને જગતની સુલેહ સાચવવાનું કામ માથે લીધું. પણ એમાં તો જુદાંજુદાં રાજ્યોના પ્રધાનો ભેળા થઈ પોતપોતાના પક્ષ ખેંચવા મંડ્યા, સ્વાર્થબાજી રમ્યા અને જગતનું કલ્યાણ ભુલી ગયા. એટલે એમનો ધારેલો હેતુ પાર પડ્યો નહિ.

વેદકાળમાં અને બુદ્ધસમયથી હીંદુસ્તાન અહિંસામાં માનતો આવ્યો છે; અને એ દયા તથા પ્રેમનો ધર્મ આશરે અરધી દુનીઆએ સ્વીકાર્યો છે. લડાઇ પહેલાં પણ હીંદમાં એવા નરરત્ન પડ્યા હતા કે જેમને પ્રજાપ્રજાના ભેદભાવ લાગતા નહોતા; જેમને માનવજાતિનો પ્રેમ આકર્ષી રહ્યો હતો. એમાંના એક રવીન્દ્રનાથ ઠાકુર છે. આખી માનવજાત માટે પ્રેમ ધરીને જુદાજુદા દેશોમાં એ ફર્યા, પ્રજાઓનો સદ્ભાવ મેળવ્યો અને એક પ્રજાની આપવડાઇ કરતાં માનવજાતની મોટાઇ વધુ સાચી છે એમ એમણે પુરવાર કર્યું.

કવિ તરીકે એમણે વિશ્વપ્રેમનું સ્વપ્ન જોયું, એ ખરૂં પાડવા ભગીરથ શ્રમ ઉઠાવ્યો, અને શાન્તિનિકેતનમાં 'વિશ્વભારતી' નામે વિશ્વવિદ્યાપીઠ સ્થાપી, જગતની સૌ પ્રજાઓને પોતપોતાની વિદ્યાઓ લઇને ત્યાં આવવા આમંત્રણ મોકલ્યું. પચરંગી પ્રજાઓના મહાન વિદ્વાનોને એઓ ત્યાં રાખે છે અને જગતના ઐક્ય સારૂ મથે છે.

આવડી વૃદ્ધ વયે પણ એ યૌવનનો પ્રાણ ભરીને, મોટી જહેમંત ખેડીને દૂરદૂરના દેશોમાં પ્રવાસ કરી રહ્યા છે, અને સદ્ભાવ, સમભાવ તથા સત્પ્રેમના સંસ્કાર રોપી રહ્યા છે. એ કહે છે કે 'હું બીજ વેરૂં છું. બીજ વેરવાનો મારો ધર્મ છે. એમાંથી વૃક્ષ ઉગે— ન ઉગે, ફળફુલ આવે—ન આવે.' આટલો નિષ્કામ એમનો પુરુષાર્થ છે.

આ નીચે અમે, એમની અનેક નાનીમોટી જગતયાત્રાઓમાંની એક ચીન યાત્રા આપીએ છીએ.]

સૈકાઓ પહેલાં ચીન અને ભારત વચ્ચે ઘણો જ ગાઢો સંબંધ હતો. ચીને જે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો તેની ઉત્પત્તિ ભારતમાં થઇ હતી. ઘણાં સંસ્કૃત પુસ્તકોનો ચીનની ભાષામાં અનુવાદ મળી આવે છે, અને ત્યાં એવા ઘણા ગ્રંથો પણ હાથ લાગે છે કે જેનાં મુળ સંસ્કૃત પુસ્તકો નાશ પામ્યાં છે. આ ઉપરથી ચોખ્ખું જણાય છે કે એ બંને દેશોને ઘણો નજીકનો સંબંધ હતો. પરંતુ કાળે કરીને એવો સમય આવ્યો કે એમનો એકમેકનો સંબંધ ઓછો થતો ગયો અને છેવટે બંને દેશો એકબીજાને લગભગ ભુલી ગયા.

ઇ. સ. ૧૯૨૩ ની શરૂઆતમાં ચીનથી કવિશ્રી રવીન્દ્રનાથ ઠાકુરને ત્યાં જવાનું નિમંત્રણ મળ્યું. ગુરુદેવ રવીન્દ્રનાથની ઇચ્છા તો કે'દહાડાની ત્યાં જવાની હતી. એવામાં આ અવસર મળી ગયો. ગુરુદેવને વિશ્વભારતી તરફથી જવા માટે વિનંતિ કરવામાં આવી. આ તેમણે ઘણી ખુશીથી સ્વીકારી. આ પ્રસંગે શ્રી

જુગલકિશોર બિરલા ગુરુદેવને મળવા આવેલા. તેમણે ગુરુદેવની ચીન-યાત્રાનું બધું ખર્ચ પોતે ઉપાડવા માટે ઇચ્છા દર્શાવી, અને ગુરુદેવ સાથે કેટલાક વિદ્વાન મિત્રો જાય એવી સુચના પણ કરી. આ સુચનાને અનુસરીને વિશ્વભારતી તરફથી નંદલાલ બસુ ચિત્રકાર, શ્રી ક્ષિતિમોહન સેન, મિ. એલ્મહર્સ્ટ અને મિસ ગ્રીનને ગુરુદેવ સાથે મોકલવાનું ઠર્યું. આ મંડળીના પ્રવાસખર્ચ માટે આપેલ વચન મુજબ શ્રી. બિરલાએ ૧૧,૦૦૦ રૂપીઆ આપ્યા.


ગુરુદેવ પ્રયાણુ કરવાના હતા તેને આગલે દહાડે, એટલે ૨૦મી માર્ચ ૧૯૨૪ ને રોજ, વિશ્વભારતી તરફથી એક સભા બોલાવવામાં આવી. તે વખતે ગુરુદેવે પોતાનો ચીન જવાનો ઉદ્દેશ કહેતાં જણાવ્યું કે 'ભારત જેવા ગરીબ દેશને—કે જેની પાસે પૈસો નથી, સત્તા નથી અને સેના પણ નથી તેને—આવી રીતે બહારથી પ્રેમળ નિમંત્રણ મળે તે એમ બતાવે છે કે હજી તેની પાસે કંઈક આપવા જેવું છે ને છે.

સંસારના કજીઆકંકાસ, વેપાર, રાજનીતિ, લોભ, મોહ, ક્રોધ, ધિક્કાર અને વિનાશ વચ્ચે પણ ભારત પાસે સંસારને માટે હજી મુક્તિનો સંદેશો છે. આ આ તે જ સંદેશો છે કે જે જુના કાળમાં આપણા વડીલો વનમાં બેસીને આપતા હતા. ભારત જાણે છે કે આધ્યાત્મિક સત્તા અને કલ્યાણથી જ છેવટે સંસ્કૃતિ અને સુધારો મળે છે. ધનવૈભવથી અને સત્તાના કલહકંકાસથી નહિ.

હું નથી જાણતો, કઇકઇ આશાઓ સાથે ચીનની પ્રજાએ મને આ નિમંત્રણ આપ્યું હશે; પણ હું માત્ર એટલું જ કહી શકું કે આ સંદેશો લઇને હું જઇશ.'

બીજે દિવસે બધા કલકત્તાથી જવા નીકળ્યા. રંગુન પહોંચ્યા ત્યાં ગુરુદેવને શહેરીઓ તરફથી માનપત્ર આપવામાં આવ્યું. અહીંથી તેઓ પીનાંગ, કુઆલા, લામ્પુર અને હૉંગકોંગ થઇને ૧૨ મી એપ્રિલે શાંગહાઇ પહોંચ્યા. ત્યાંના મુખ્ય શહેરીઓનું મંડળ આ યાત્રાળુઓના સંઘને લેવા બંદર પર આવ્યું હતું. તેમાં ચીનના એક પ્રતિભાશાળી કવિ મિ. ગુઝીમોન પણ હતા; જે પાછળથી કવિ રવીન્દ્રનાથના દુભાષીઆ થઇ રહ્યા હતા. 'વંદે માતરમ્'ના ધ્વનિઓથી આ 'મોંઘા મહેમાનો' ને વધાવી લેવામાં આવ્યા.

બીજે દિવસે બપોરે શાંગહાઇની હીંદી વસતીએ શીખમંદિરમાં કવિશ્રીનો સત્કાર કર્યો. હીંદી સ્ત્રીઓએ મીરાંબાઇનું મધુર ભજન ગાઇ કવિવરને વધાવ્યા અને હીંદી ભાષામાં રવીન્દ્રનાથ ઠાકુરનાં ગુણગાન કર્યાં. એ ગુરુદ્વારામાં મળેલાં સૌ હીંદી નરનારને કવિશ્રીએ સ્મરણ કરાવ્યું કે 'નાનક-કબીરથી માંડીને આજલગીના આપણા ગુરુઓનો સંદેશો એક જ છે. અને તે એ કે માટીની વસ્તુઓના મોહમાંથી મનને વારો અને આખા વિશ્વને સ્નેહ તથા સેવાથી ભીંજાવો. જો આર્યાવર્તનું નામ જગતભરમાં અમર રાખવું હોય તો દરેક હીંદીનો ધર્મ છે કે તેણે આટલો ગુરુબોધ જીવનમાં ઉતારવો.'



એકવાર શાંગહાઇનાં જુદાંજુદાં પચીસ મંડળોએ ભેગાં મળી એક મોટી સભા બોલાવી હતી. અહીં ગુરુદેવે પ્રથમ પોતાનું અંતર ખોલ્યું. ચીનની સંસ્કૃતિમાં જે વિકાર પેસી ગયા છે તે વીશે એમણે હૃદયદ્રાવક વિવેચન કર્યું. ચીનને પશ્ચિમના જડવાદનું ઝેર ચડતું જાય છે. જડવાદ મોટા રાક્ષસ જેવો છે. પૂર્વની પ્રજાને એ ગળવા લાગ્યો છે. આપણી વંશપરંપરાની પવિત્રતા અને સુંદરતાને એ લુટી રહ્યો છે. જેમ મનુષ્યની વૃત્તિઓ અધમ થાય છે તેમ તેની સાથે દેશની ભૂમિ પણ બેડોળ બનવા માંડે છે. મધુરી પર્ણકુટીઓ અને નાનાં સાદાં ઘરોને બદલે સીધા, ઉભા કે તારકસ લાટીઓના ખુણા પડેલા સફેદ બાધડા જેવા મહેલો ઉભા થાય છે અને ધુમાડો કાઢતી મીલોની કદરૂપી 'ચીમનીઓ' બંધાય છે. પૂર્વની પ્રજાએ ઘણા જ બળપૂર્વક આ જડવાદ સામે ઝુઝવું જોઇશે.

હવે પેકિંગ જવાની તૈયારીઓ થઇ રહી. ૨૩મી એપ્રિલની ઘેરાતી સાંજે પેકિંગનું દર્શન થયું. સત્કાર સમિતિના સભ્યો, મિત્રો અને મળવાને આતુર સજ્જનોનાં ટોળાંથી સ્ટેશન ભરચક હતું. અહીંના કેટલાક પારસી અને સીંધી વેપારીઓએ કવિવરને ફુલમાળા પહેરાવી અને ચીની લોકનાં ટોળાંઓએ આનંદનો કોલાહલ મચાવી ફટાકડા ફોડયા!




લીઆંગ શુ ગીન

ચીનના પ્રખ્યાત બૌદ્ધ વિદ્વાન

પેકિંગ ઘણું પુરાતન શહેર છે. કવિવરની મંડળીએ ખુબ ફરીને આખું શહેર જોઇ લીધું. ત્યાં તેમણે ખગોળશાસ્ત્રીઓના કામનું એક અદ્ભુત યંત્ર જોયું.

અહીં તેમને ઘણા વિદ્વાનો સાથે મેળાપ થયો હતો. તેમાંના મુખ્ય લીઆંગ શુ મીન, શેન્ગ શીઆઓ શી, બૅરન હોલ્સ્ટીન, પ્રો. વિલહેલ્મ અને મિ. જૉન્સ્ટન હતા. લીઆંગ શુ મીન માત્ર ચીનની ભાષા જાણે છે અને હીંદમાં આવશે એવી આશા છે. તેમણે કહ્યું હતું કે બૌદ્ધ સમયનાં આશરે સીત્તેર હજાર પુસ્તકો ચીનમાં હયાત છે! તે પુસ્તકો બૌદ્ધ ધર્મનાં નથી પણ હીંદની સ્થિતિ વીશે છે. વળી તેમણે કહ્યું કે ભરતખંડમાં ચોવીસ મોટા ઋષિઓ થઇ ગયા છે, જેમનો ચીન ઉપર ઘણો પ્રભાવ પડયો છે, અને લગભગ ૨૦૦ ચીનાઓ ભરતખંડની યાત્રા કરી



ચીનનું ખગોળશાસ્ત્રનું એક અદ્ભુત યંત્ર

ગયા છે, તથા સાથે યાદગીરીની ઘણી વસ્તુઓ લઇ ગયા છે. મિ. જૉન્સ્ટનનો મુખ્ય વિષય જ બૌદ્ધ ધર્મ છે. તેઓ ચીનના પાદશાહના શિક્ષક પણ છે.

અહીંના લોકોને કવિવરનું પ્રથમ મિલન અહીંના નામચીન શાહી બાગમાં થયું. એ બાગમાં ચીનના પાદશાહો પરમુલકના એલચીઓને મળતા. પચાસ સંભાવિત ગૃહસ્થો, માજી વજીરો અને અધિકારીઓ, તત્ત્વજ્ઞો અને અધ્યાપકોનો સમુદાય જાણે 'નાનું સરખું ચીન' જ લાગતું હતું. એમણે મળીને આ 'બ્રહ્માવર્તના ઋષિ'નું બહુમાન કર્યું. નવા સ્વતંત્ર ચીનના નેતા મિ. લીઆંન્ગ ચી ચાઉએ કહ્યું કે 'ચીન હીંદને વડીલ ભાઇ માને છે. કવિવરે આવા બારીક ટાણે આવીને વડીલ ભાઇનો મોભો ધારણ કર્યો છે. ચીન આ ઉપકાર વીસરશે નહિ.' કવિશ્રીએ પોતાના રૂપેરી ઘંટડી જેવા કંઠથી શ્રોતાજનોને મંત્રમુગ્ધ કરી દીધા. એમણે ભવિષ્ય ભાખ્યું કે એકવારના ભુતકાળની માફક ફરીને હીંદ અને ચીન રામ-ભરતની જેમ ભેટ લેશે અને માનવજાતની શાન્તિ તથા એકતા ખાતર સાથે મળી કામ કરશે.



શેન્ગ શીઆઓ શી અને રવીન્દ્રનાથ ઠાકુર
ચીનના અને ભારતના બે મહા વિદ્વાન કવિઓ

૨૭ મી એપ્રિલનો મધ્યવસંતનો મંગળ દિવસ હતો. ચીનના માજી પાદશાહે તથા શહાનશાહબાનુએ કવિશ્રીને મિત્રમંડળ સહિત મળવા બોલાવ્યા હતા. ચીનના રાજમહેલમાં કોઇપણને ભાગ્યે જ આવવા દેવામાં આવે છે. ત્યાં એવો રીવાજ જુના કાળથી ચાલુ છે. પરંતુ આ બીજો પ્રસંગ છે કે જ્યારે પાદશાહે આ રીવાજ તોડયો છે. ગુરુદેવ દસ વાગ્યે રાજમહેલ પહોંચ્યા. ત્યાં દરબારી અમલદારો મળ્યા અને તેઓ અંદરના બાગ તરફ વળ્યા. દરવાજેથી રાજમહેલ સુધી જતાં લગભગ એક કલાક લાગ્યો. બધા એક હારમાં ગયા. પહેલા ગુરુદેવ, પછી ડૉ. જૉન્સ્ટન, દુભાષીઓ, સ્ત્રીવર્ગ, ક્ષિતિમોહન સેન, નંદલાલ બસુ, કાલિદાસ

નાગ અને એલ્મહર્સ્ટ, એમ અનુક્રમે સૌ રાજાને મળ્યા. ગુરુદેવ ગયા એટલે પાદશાહે તથા બે રાણીઓએ ઉભાં થઇ આવકાર દીધો. બીજાઓએ ચીનની રીત મુજબ રાજાને પ્રણામ કર્યા. ગુરુદેવે રાણીઓને શંખના કંકણ આપી કહ્યું કે એ સ્ત્રીઓનું સૌભાગ્યચિહ્ન છે. આ ભેટ સ્વીકારી, બે મનોહર સ્વપ્નપાત્રો હોય તેમ રાણીઓ અંતઃપુરના પડદા પાછળ અંતર્ધાન થઇ ગઇ. એલ્મહર્સ્ટે પાદશાહને ગુરુદેવના હસ્તાક્ષરવાળાં પુસ્તકો ભેટ ધર્યાં, અને નંદલાલ બસુએ કેટલાંક ચિત્રો આપ્યાં. પછી ગુરુદેવે રાજાને ભારતવર્ષ તરફથી પ્રણામ કહ્યા અને આશીર્વાદ આપ્યો, ચીન અને ભારતની પ્રાચીન મૈત્રી વિશે બોલ્યા અને તે મૈત્રી ફરી પાછી ચાલુ કરવા ઇચ્છા દર્શાવી.

હવે બાદશાહ પોતે કવિને સઘળું બતાવવા લાગ્યા. એમણે એવી ઘણી વસ્તુઓ બતાવી કે જે આજ સુધી કોઇને કદિ પણ દેખાડવામાં આવી ન હતી. રાજમહેલ ચમત્કારોથી ભરપુર છે. તે સુંદર અને કળામય ચીજોનું સંગ્રહસ્થાન છે. નંદલાલ બસુ કહે છે કે 'હું તો એ જોઇને સ્તબ્ધ થઇ ગયો. મને વિચાર આવ્યો કે આપણો દેશ આટલો બધો વૈભવ મેળવી શકે ખરો? એક કાચ ઉપરના સુંદર કામની મેં છબી પાડી લીધી હતી. આ તો ઘણી સાધારણ કારીગરી હતી. પણ તેના કરતાં અતિશય સૌન્દર્યવાળી એવી વસ્તુઓ મેં જોઇ છે કે જેમનું હું વર્ણન કરી શકતો નથી.

ભવ્ય રાજમંદિરનાં મહાદ્વાર, મોટા મીનારા, વિશાળ ચોક—જેના ઉપર અજબ ચકચકિત નળીઓના પડછાયા પડતા હતા—અતિથિખંડ આદિમાં ફરીને તેઓ રાજસિંહાસનવાળા ઓરડામાં આવી લાગ્યા. ત્યાંથી સૌ અપૂર્વ સ્વપ્ન જેવા ફુલબાગમાં થઇને રાજમહેલમાં બાંધેલાં મંદિરોમાં ગયા.

ચીનમાં ત્રણ પંથ ચાલે છેઃ તાઓ, બૌદ્ધ અને કન્ફ્યુશીઅન. આ ત્રણે ધર્મોનાં સુંદર દેવળો ત્યાં છે. બગીચાના એક એકાન્ત ખુણામાં છુપાઇને શાહી કૅમેરાવાળા ઉભા હતા. તેમણે પાદશાહ અને કવિવરની જોડાજોડ છબી પાડી. અહીં પાદશાહે પોતાના રાજકવિનો મેળાપ કરાવ્યો અને તે બંને કવિઓની બીજી છબી લેવડાવી. પછી રાજગૃહના ઓરડાઓમાં ચા-નાસ્તો ચાલ્યો. આશરે અઢી કલાકના સહવાસ પછી પાદશાહે કવિવરને વદાય દીધી. તે વેળા એમણે પોતાના શાહી સીક્કા સાથે આ મિલનના સ્મરણચિહ્ન તરીકે બુદ્ધ ભગવાનની એક મનોહર મૂર્તિ કવિવરને ભેટ ધરી.

એ જ સાંજે આ 'એશીઆના કવિસમ્રાટ્'-ને વિદ્વાનો તથા પંડિતો તરફથી માનમેળાવડો થયો. અહીં ચીન અને બંગાળી સાહિત્યની કવિતાઓ ઉપર ચર્ચા અને વિવેચનો થયાં.

મે માસનું પહેલું અઠવાડીઉં ગુરુદેવે ઝીનહુ પાઠશાળામાં ગાળ્યું. એ પાઠશાળા પેકિંગની વિદ્યાકળાનું કેન્દ્રસ્થાન





મહેલમાં આવેલું તાઓ મંદિર અને તેના દાદરમાંના કાચપરનું અલંકાર-ચિત્ર



ચીનના રાજ-કવિ ચેન્ગ શુ કોન અને રવીન્દ્રનાથ ઠાકુર રાજ.મહેલના બાગમાં

છે. અહીં ઉત્સુક વિદ્યાર્થીઓ કવિશ્રીને પ્રશ્નો પુછવા વીંટળાઇ વળ્યા. પ્રતિદિન અનેક વિષયો ઉપર નવાનવા પ્રશ્નો અને નવાનવા ઉત્તરો થતા જ ગયા.

૮ મી મે ગુરુદેવની ૬૪મી જન્મગાંઠનો દિન હતો. અનેક મુત્સદ્દીઓ અને ગૃહસ્થો કવિશ્રીને અભિનંદન દેવા ટોળે મળતા હતા. આજના કવિના બંગાળી પોશાકથી અને તેમની પ્રેરણાત્મક વાણીછટાથી સૌ-કોઇ અંજાઇ જતા. આ જન્મદિવસની યાદગીરીમાં ગુરુદેવને એક ચીની નામ આપવામાં આવ્યું. તે 'ચુ ચેન તાન' છે. તેનો અર્થ 'ભારતનું ગર્જતું પ્રભાત' એવો થાય છે. પ્રોફેસર ક્ષિતિમોહન સેન આ પ્રસંગે સંસ્કૃત આશિર્વચન ભણ્યા અને ડૉ. કાલિદાસ નાગે કવિશ્રીના 'બલાકા' નામે ગ્રંથમાંથી એક કાવ્ય ગાયું. આટલી વિધિ થઇ રહી એટલે ચીનના 'બીજમંડળ'ના સભ્યોએ મહેમાનો આગળ કવિનું 'ચિત્રા' નામનું નાટક ભજવી બતાવ્યું. શરૂઆતમાં ગુરુદેવે એ નાટક કેવી રીતે લખાયું હતું તે કહ્યું. ચીની રંગભૂમિ ઉપર એ ઘણું દીપી ઉઠતું હતું. પાત્રો નીચે પ્રમાણે હતાં:

ચિત્રા : મીસ લીન
અર્જુન : ચન્ગ શીન હોઇ
મદન : શુ ત્સે સુ
વસંત : લીન યાન્ગ મીન

ચિત્રાનો પાઠ ભજવનાર મીસ ફિલિસ લીન, ચીની કન્યા છે. એણે ગુરુદેવનાં ઘણાં પુસ્તકો વાંચ્યાં છે. તેને ગુરુદેવ સાથે હીંદમાં આવવાનું ઘણું મન હતું; પણ હાલ તે અમેરિકા ગઇ છે.

ચીનમાં મેલન-ફૅાન નામનો એક અતિ પ્રખ્યાત નટ (ઍક્ટર) છે. કવિવર અને તેમના મિત્રોને પેકિંગમાં તેનો મેળાપ પણ થયો હતો.

અહીં શાનશી નામની એક જગ્યા છે; ત્યાંની શાળામાં ગુરુદેવને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જો શ્રીનિકેતન (સુરૂલ) થી મિ. એલ્મહર્સ્ટ તથા કેટલાક વિદ્યાર્થીઓ, અહીંનાં ગામડાંઓની સુધારણા (Rural Reconstruction) માટે અહીં આવે, તો શાનશીના ગવર્નર યેન અહીં જમીન અને ખર્ચ આપવાનું વચન આપ્યું છે.

૧૬ મી મેએ કવિવરના મિત્રોએ જાદુઇ ફાનસના પ્રયોગો વડે હીંદી કળાના સર્વોત્તમ નમુનાઓ જાહેરમાં બતાવ્યા અને હીંદી કળાનો ઇતિહાસ ટુંકામાં વર્ણવી, કવિશ્રીના ભાઈ અવનીન્દ્રનાથ ઠાકુરે હાલની બંગાળી ચિત્રશૈલી કેવી રીતે નિર્માણ કરી તે સમજાવ્યું. પછી શ્રી અવનીન્દ્રનાથનાં તેમજ એમના શિષ્યસંઘ— શ્રી નંદલાલ બોઝ, શ્રી સુરેન ગંગુલી, શ્રી અસીત હલધર વગેરેનાં સારાંસારાં ચિત્રો બતાવ્યાં. એ ઉપરાંત હીંદી


કળાના સુંદર ત્રૈમાસિક 'રૂપમ્'ના અંકો અને ચિત્ર-ગ્રંથો પણ ચીનની પ્રજા આગળ ધર્યાં.

હવે આપણા યાત્રાળુસંઘે પેકિંગની વદાય લીધી અને તે યાન કુ નામના શહેરમાં આવ્યા. ત્યાં માન પામી, ભાષણ કરી, હન્ગકાઉ પહોંચ્યા. ત્યાંની મહેમાનગતી ચાખી રાતે 'કુટવુ' નામે નૌકામાં પાછા શાંગહાઇ જવા વળ્યા. ફરીવાર ત્યાંનું આતિથ્ય સ્વીકારી કવિવર અને મિત્રમંડળ ચીનનો કીનારો છોડી જાપાન તરફ ઉપડયા.

બલવીરસિંહ લાલા



ચીનનો પ્રખ્યાત નટ મેલન–ફોન : સ્ત્રીવેષમાં



ફુલ* પાંદડી

આવી નિર્જન રાત્રિમાં અંધકારની બીન પર કોણ હાથ ફેરવે છે?

શ્યામ રાત્રિમાં કોને સંગીતનું મન થયું છે?

કોના ગીતથી તારકોની આંખમાં ઘેન ચઢયું છે?

કોની મહેફિલમાં જીવન અને જોબનની ખેરાત થઈ રહી છે?

♣

મેં જગતમાં કશું યે કર્યું નથી.

જ્યારે તારાથી વેગળો થાઉં છું ત્યારે મારી સર્વ શક્તિઓ અલોપ થઇ જાય છે; જ્યારે તું નજદીક હોય છે, ત્યારે હું તારા સૌન્દર્યમાં મુગ્ધ થઈ જાઉં છું.

તું જ કહે કે હું શી રીતે કાંઇ કરૂં?

♣

હું રાત્રિના અંધકારમાં રખડતો હતો. લોકોએ મને પુછ્યું કે તારૂં શું ખોવ ઈ ગયું છે? હું લજ્જાથી નીચું જોઇ રહ્યો.

હું તેમને કહી શકતો ન હતો કે મારો ચંદ્ર ખોવાઈ ગયો છે.

♣

શ્રીમંતાઇ અને કીર્તિ!

એ પ્રખ્યાતિનો અંધકાર મને ગમતો નથી.

મને તો અજાણ્યા મુસાફર થવું ગમે છે, જેને કોઇ પુછતું નથી, પિછાનતું નથી.

♣

અરે લક્ષ્મી!

તું લક્ષ્મી થઇને ભુલ કાં કરે છે? આજને છોડી કાલને શીદ પકડવા જાય છે?

જો તું આજની કાળજી રાખીશ તો કાલની કાળજી પ્રભુને માથે છે.

♣

પૃથ્વીને જો તમે સ્વર્ગ ન બનાવી શકો તો તમને સ્વર્ગમાં જવાનો હક નથી.

જેનો આત્મા સમર્થ છે તે પાપના ભુતથી કદિ બીતો નથી; પુણ્યના દેવની કદિ ખુશામદ કરતો નથી.

પૃથુલાલ શુકલ

*એ નામના પુસ્તકમાંથી]

આફ્રીકાના પત્રો

[આ પત્રોના લખનાર શ્રી નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ,—અથવા વિદ્યાર્થીઓ અને સ્નેહીઓના 'નાનાભાઇ'-ને પુરેપુરા ઓળખવાને તો ઘણા દહાડા તેમની સંગતિમાં રહેવું જોઇએ. પ્રો. ભટ્ટ તરીકે, ભાવનગરની હાઈસ્કુલ અને શામળદાસ કૉલેજના ઘણા વિદ્યાર્થીઓને તેમનું સ્મરણ હશે. સાદા, સ્વચ્છ, સફેદ પોષાકમાં, વર્ગમાં દાખલ થતાં જ, વ્યવસ્થિત સ્પષ્ટ ભાષામાં, સંસ્કૃત જેટલી ચોકસાઈથી અંગ્રેજીના ઉચ્ચાર કરતા પ્રો. ભટ્ટને રોમન, કે ઇટ્રુસ્કન ઇતિહાસ કહેતા જેણે જેણે સાંભળ્યા છે તે એમને કદિ ન ભુલી શકે.

નાનાભાઈ એટલે વિદ્યાર્થીઓ પર સદા યે પ્રેમ વરસતી વાદળી; કોઇ વિદ્યાર્થીના મિત્ર, કોઇના સલાહકાર, કોઈના આર્થિક સહાયક, કોઈના વાલી. એમને ઘેર સંસ્કૃત કે બીજા વિષયો શીખવા કોઇ ને કોઇ વિદ્યાર્થી જતા જ હોય. એ વખતનો એમના સ્નેહનો, એમના સુંદર ગૃહજીવનનો અને અથાગ અભ્યાસમગ્ન છતાં વ્યવસ્થા સાદાઇ અને સ્વચ્છતાના આગ્રહી 'નાનાભાઇ' પોતાનું જીવન અનેક પ્રકારની કઠોર મહેનતે કેવું ઘડી રહ્યા હતા તેનો મીઠો અનુભવ થતો.

વિદ્યાર્થીઓમાં ઉત્તમ સંસ્કાર, ઉચ્ચ જીવન અને ખરી કેળવણીનો અભાવ જોઇ તેમણે અને સ્વ. રણજીતરામે, એ સ્થિતિ પલટાવી નાખવાની અનેક યોજનાઓ ઘડવામાં કેટલી યે રાતો ગાળેલી. છેવટે એમની એ યોજનાઓનાં આંદોલનો શ્રી નથુરામ શર્માના શિષ્યમંડળે ઝીલી લીધાં અને "શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન"નો પાયો નંખાયો.


એક બાજુ કૉલેજનું પોતાનું કામ બરોબર સાચવતા છતાં, નાનાભાઇ, આ સમયે અથાગ શ્રમ ખેડીને, માત્ર સ્વયંસેવક તરીકે, દક્ષિણામૂર્તિભવનના વિદ્યાર્થીઓના નિયામક—અને તે પણ પોતાનાં સ્વપ્નો પ્રમાણેના આદર્શ નિયામક—નું કામ કરી રહ્યા હતા.

ધીમેધીમે વિદ્યાર્થીભવન તેમનું મુખ્ય ધ્યેય થતું ગયું, કૉલેજની નોકરી નકામો વખત લેનારી ભારરૂપ લાગી, અને આખરે ૧૫૦ રૂપીઆની નોકરી જતી કરી રૂ. ૭૫થી ભવનના સર્વસ્વ બની રહ્યા.

એ વખતનું એમનું જીવન, એમનું માનસિક મંથન, અને એમનાં સ્વપ્નાં જેઓ જાણી શક્યા હતા તેઓની આજે ખાતરી થઈ છે કે નાનાભાઇએ પોતાના એકેએક વિચાર અને ભાવનાને સજીવ કર્યાં છે.

પોતાની બુદ્ધિશક્તિ, યોજના, પ્રભાવ, લાગવગ, સંબંધો, બધું એમણે દક્ષિણામૂર્તિ ભવનની ખીલવટમાં હોમ્યું. એ ભવન એટલે નાનાભાઇના આત્મામાંથી ઉગેલું વૃક્ષ. એમાં નાણાં વગેરેની સહાય આપનારા બીજા ઘણા હશે; પણ પ્રાણસિંચન તો નાનાભાઇનું જ.

એ વિદ્યાર્થીભવન નાનામાંથી મોટું કેમ થયું એ વાત તો બહુ લાંબી અને બહુ રસમય છે; અને કોઇવાર નાનાભાઇ જાતે તે કહેશે ત્યારે જ આપણે પુરી જાણીશું. પણ દરેક માણસ તેમ સંસ્થાના જીવનમાં એકાદ આફત કે દુઃખનો હપતો આવી જાય છે તેમ, દક્ષિણામૂર્તિભવન પોતાની જાહોજલાલીએ પહોંચવા આવ્યું હતું એવામાં,



નાનાભાઈ

અમુક બાબતો માટે તેના વ્યવસ્થાપકોમાં મતભેદ થયો ને તેઓ અલગ થયા. પરિણામે નાનાભાઇને માથે આખા ભવનના સંચાલન અને નિર્વાહનો જુમ્મો આવી પડયો.

એ જુમ્મો અદા કરવા, તેમણે વિદ્યા અને અધ્યાપનનું પોતાનું અતિ પ્રિય કાર્ય અલગ કરી, દૂર દૂર આફ્રિકાનો પ્રવાસ ખેડયો છે. ત્યાંથી લખાએલા તેમનાં આ પત્રો, વિદ્યાર્થીભવન, સમાજ અને દેશના પ્રશ્નોથી ધગી રહેલા તેમના હૃદયનો ખરો પરિચય આપે છે.]

પત્ર ૧ લો

તા. ૨૯-૨-૨૪

અમારી સ્ટીમર તા. ૨૦મીએ બપોરના ઉપડવાની હતી. આ સ્ટીમરનું નામ Karoa (કરોઆ) છે. તે બ્રિટિશ ઇંડીઆ સ્ટીમ નેવિગેશન કંપનીની સ્ટીમર છે. આ જ કંપનીની સ્ટીમર રંગુન કલકત્તા વચ્ચે પણ આવજા કરે છે. અમારી કરોઆ મુંબાઇથી ઉપડી ઇસ્ટ આફ્રિકા પર થઇને ઠેઠ ડરબન સુધી જશે અને ત્યાંથી પાછી મુંબાઇ આવશે.

કરોઆ ૩૬૦૦ ટનેજની સ્ટીમર છે; એટલે કે, સ્ટીમરનું પોતાનું વજન તેમજ તેના ઉપર ચડેલ માલ, ઉતારૂઓ વગેરેનું વજન ૩૬૦૦ ટન સુધી થાય ત્યાં સુધી સ્ટીમરને અડચણ ન આવે એટલી તેની શક્તિ આંકવામાં આવી છે. કરોઆ ઍલેક્ઝાન્ડ્રા ડૉકના પાંચમા નંબરના બારામાં ઉભી હતી પહેલાં તો અમારા સામાન પર કંપની તરફથી છાપેલી મોટી ચીઠ્ઠીઓ ચોંટાડવામાં આવી. મારી તેમજ ગૌરીશંકરની ટીકીટ સેકન્ડ કલાસની હતી એટલે અમને બીજી તો કોઈ હાડમારી ન હતી, પરંતુ સામાન જોખનારા અને ચડાવનારા 'પંડયાઓ' આ તીર્થમાં ખડા હતા ! સ્ટીમર પર સામાન્ય રીતે સામાનની કડકાઇ હોતી નથી; તેમાં પણ સેકન્ડ ક્લાસને માટે તો ન જ હોય. છતાં, આ સ્ટીમર કંપનીનાં માણુસો સાંભળવા પ્રમાણે એટલાં બધાં લાંચીઆં છે કે ન પુછો વાત. મને લાગે છે કે કોઈ વખત એકાદ માણસે અહીં બંડ જગાવવું પડશે.

સ્ટીમરે બરાબર અઢી વાગે લંગર ઉપાડયું.ઍલેક્ઝાન્ડ્રા ડૉકમાંથી બેલાર્ડ પીઅર થઇ અમે ભરદરીએ ઝુકાવ્યું. સ્ટીમર ઉપડયા પછી હું મારી કૅબિનમાં ગયો. મારી કૅબિન તો ઠેઠ ડેક ઉપર જ્યાં ફર્સ્ટ કલાસની કૅબિનો છે ત્યાં હતી. આ કૅબિનને લોકો સ્પેશીઅલ સેકન્ડ ક્લાસ કહે છે. સેકન્ડ કલાસની બીજી બધી કૅબિનો કરતાં આ કૅબિનમાં વધારે હવા અને પ્રકાશ છે; એક તો ઠેઠ ઉપર, અને એક નાની બારીને બદલે ચાર મોટી સુંદર બારીઓ.

કૅબિનમાં સામાન ગોઠવીને હું સ્ટીમર પર જોવા નીકળ્યો. સ્ટીમરમાં ફર્સ્ટ ક્લાસ તેમજ સેકન્ડ ક્લાસના ઉતારૂઓ માટે તો ઘણી સરસ સગવડ હોય છે. તેમને માટે કૅબિન, તેમને માટે સલૂન, તેમને હરવા ફરવા માટે અલાયદો ડેક, તેમને માટે smoking room (બીડી પીવાનો ખાસ ઓરડો) અને તે ઉપરાંત મુતરડીઓ, પાયખાનાંઓ, નાવાના બાથરૂમો અને ભોજનનો ઓરડો પણ. આ બધાં યે સુંદર અને ચોકખાં. ઉપર ગણાવ્યાં તે બધાં સ્થાનોને અતિશય ચોકખાં રાખવા માટે નોકરો ઉભે પગે ખડા જ હોય છે. બે જણુ તો પાયખાનાં તથા મુતરડીઓ પાસે ઉભે પગે ખડા; ચાર જણુ તો બારી બારણાંનાં હૅન્ડલોને ઘસીઘસીને ચકચકીત જ કર્યે રાખે; એક માણુસ તો બધા લાકડાના ફર્નીચરને જ દરરોજ સાફ કરે; એક જણુ તો દાદરના રબ્બરને જ ઘસે; વાળવું ચોળવું, કાચ ઘસવા, ગાદીઓ ચોકખી કરવી, બીછાનાં બીછાવવાં, સાબુ બદલવા, ટબનું પાણી કાઢી નાખવું તથા નવું ભરવું, આ બધું તો રોજ થયાં જ કરે. જો એક દિવસ સૂર્ય ન ઉગે તો આ પ્રમાણે ન થાય.

દરેક કૅબિનમાં ચાર ઉતારૂઓને રાખવામાં આવે છે. અને આ ચારે ઉતારૂઓ માટે એક એક પલંગ, ગાદલું, ચાદર, બે ઓશીકાં તથા એક ધુંસો એટલી ચીજો કંપની તરફથી આપવામાં આવે છે. ઉપરાંત, ડીલ લુછવા માટે એક તથા મોઢું લુછવા માટે એક, એમ બબ્બે ટુવાલો પણ આપવામાં આવે છે. તે સીવાય, દરેક કૅબિનમાં એક ટેબલ, પાણીનો નળ, હાથ ધોવા માટે સાબુઓ, પાણીના ગ્લાસો અને રાત્રે પેશાબ કરવા માટે પાત્રો પણ ગોઠવેલાં હોય છે. કંપનીના બધા સામાન પર B. I. S. N. Co.

ની છાપ હોય છે—તેમના સાબુઓ ઉપર પણ એ છાપ! કંપનીના વપરાશ માટે જે સાબુઓ આવે છે તે ઠેઠ ગ્લાસગોના બનેલા હોય છે. આ સ્ટીમર પણ ગ્લાસગોમાં બાંધેલી છે. અને કપડાંલત્તાં તો ત્યાંનાં હોય તેમાં આશ્ચર્ય જ નહિ. આ ઉપરાંત, દરેક કૅબિનમાં એક વીજળીની બત્તી, એક વીજળીનો પંખો, અને બૅાય (નોકર) ને ગમે તે વખતે બોલાવવા માટે એક કૅાલ–બેલ (ઘંટડી) એટલાં હોય છે. બૅાય દરરોજ કૅબિન વાળી જાય છે, બીછાનાં ગોઠવે છે, પાણી, દારૂ, સોડા વગેરે લાવી આપે છે અને બુટપૅાલિશ કરે છે. બે ત્રણ કૅબિનો વચ્ચે એક બૅાય હોય છે.

કૅબિનો ઉપરાંત, સેકન્ડ તથા ફર્સ્ટ કલાસના ઉતારૂઓ માટે સલૂન જેવી ખાસ જગ્યા હોય છે. અમારી કૅબિન પાસે જ સેકન્ડ કલાસનું સલૂન છે. અહીં સેકન્ડના ઉતારૂઓ વાંચે છે, ચા કૅાફી પીએ છે, કોઇવાર ધુમાડો કાઢે છે ને ગપ્પાં લગાવે છે. આ સલૂનના એક સુન્દર ટેબલ પર મારી જગ્યા રીઝર્વ્ડ થઇ ગઇ છે, અને મારા મિત્રો આ ટેબલને 'પ્રોફેસર સાહેબ કા ટેબલ' કહે છે. આ સલૂનમાં બેઠાબેઠા દરીઓ મઝાથી જોઈ શકાય છે.

સલૂનની પાસે જ સેકન્ડ કલાસના ઉતારૂઓને હરવાફરવા માટે 'ડેક' છે. આ ડેક પર ઘણા ઉતારૂઓ પોતાની આરામખુરશીઓ નાખી પડે છે, અથવા તો હરેફરે છે. કોઇકોઇવાર આ ડેક ઉપર વાદવિવાદ ચાલે છે, તો વળી ઘણીવાર જાળી બાંધીને રમતો પણ રમાય છે. સવાર અથવા સાંજની શાન્તિમાં ડેક ઉપર આરામખુરશી નાખી પડવું અને દૂર દૂર દરીઆ પર તથા ઉગતા આથમતા સૂર્ય પર નજર નાખવી એ પણ એક સદ્દભાગ્ય જ સમજવું.

સલૂનની પાસે જ smoking room છે. આ અંગ્રેજ લોકોની તો મને સમજ જ નથી પડતી નથી! એક તો બીડી પીવા જેવો કામો, અને તેને માટે વળી પ્રતિષ્ઠાવાળો રૂમ! આ સ્મોકિંગ રૂમ બહુ જ અચ્છો છે. તેમાં સુન્દર ખુરશીઓ, સુન્દર કોચો, સુન્દર ટેબલો, એક પીઆનો વગેરેનો શણગાર છે. જે માણસ કદી બીડી ન પીતો હોય તેને પણ આ રૂમની ખાતર એક વાર બીડી પીવાનું મન થઇ જાય એવો એ મોહક છે! બીડી પીવાની આદતને આવી પ્રતિષ્ઠા તો આ લોકો જ આપે. હું તો એ રૂમમાં જતો જ નથી.

હવે આવ્યાં સેકન્ડ કલાસનાં પાયખાનાં, મુતરડીઓ, સ્નાનગૃહ વગેરે. આ બધાં અતિશય સ્વચ્છ છે એમ તો એકદમ કબુલ કરવું જોઇએ. આપણા લોકોએ સ્વચ્છતાની બાબતમાં હજી ઘણા પાઠો શીખવાના છે એ તો આપણે સૌ સમજીએ છીએ. તેમાં પણ પાયખાનાની સ્વચ્છતા તો આપણે ખાસ વિચારવાની છે. સેકન્ડ કલાસના પાયખાનામાં ચોવીસે કલાક પાણી વહ્યા જ કરે છે; અને મુતરડી પણ જરા યે ગંધાતી નથી. નાવાની ઓરડીઓ પણ તેવી જ ચોકખી. બે વેંતનું મસોતા જેવું પોતીઉં પહેરીને ચોપડસ્નાન કરનારા મારા પ્રશ્નોરા ભાઇઓને આ બાથરૂમોમાં નવરાવ્યા હોય તો! એમ ઘણીવાર થઇ જાય છે.

છેલ્લે આવે સેકન્ડ કલાસનો ડાઇનિંગ રૂમ (ભોજનનો ઓરડો). વચ્ચોવચ્ચ મોટું ટેબલ, એ ટેબલ પર સુન્દર લીલી બનાત જડેલી; એની બંને બાજુ એકક ફરી શકે તેવી ખુરશીઓ; ટેબલ પર બે સ્વચ્છ ફુલદાન, અને તેની પાસે આંખને હરે તેવા રંગવાળા દારૂની શીશીઓ! ઉપર પંખા ચાલે અને દૂર ખૂણામાં સંગીત ચાલી રહે. આ રૂમની આ શોભા.

આ બધાં સેકન્ડ કલાસના ઉતારૂઓનાં સ્થાનો. ફર્સ્ટ કલાસના ઉતારૂઓ માટે આવા જ પ્રકારની સગવડ, પણ વધારે કીમતી. તેમના અરીસા વધારે કીમતી, તેમનું ફર્નિચર વધારે સુન્દર, તેમના smoking room માં સિગારેટની રાખ ખંખેરવા માટે ask-box વગેરે.

હવે આપણે થર્ડ કલાસનાં સ્થાનો તરફ વળીએ.

થર્ડ કલાસના ઉતારૂઓ 'ડેક–પૅસેન્જર' કહેવાય છે. તેમને બેસવા માટે નીચે ભંડકો અને ફાળકાઓ હોય છે! રેલવેના થર્ડ કલાસમાં જેમ ઉતારૂઓને ઘેટાંની માફક પુરવામાં આવે છે તેમ અહીં પણ છે. તેઓ બીચારા ગમે તેમ જ્યાંત્યાં પોતાનો સમાસ કરી લે છે. તેમનાં સ્થાનોમાં નથી પુરતો પ્રકાશ,

નથી હવાની પુરતી આવજા, નથી જરા યે સ્વચ્છતા. એક તરફ યુરપીઅન લોકોના ઉપયોગ માટે સાચવેલાં ઘેટાં બેં બેં કરતાં હોય, એક તરફ ઘોડો કે ભેંસ પખાલ જેટલું મુતર કાઢી રહ્યાં હોય, એક બાજુ એઠાં વાસણોનો ગંજ ઉટકાતો હોય, એક તરફ પાયખાનાં અને મુતરડીઓ બો મારી રહ્યાં હોય, એક બાજુ યૂરપીઅન વીશી, ખારવાઓનું રસોડું તેમજ મુસલમાન ભાઇઓનું રસોડું એ ત્રણે જગાઓ-માંથી માંસની દુર્ગંધ ઉછળી રહી હોય, અને તેમાં પણ એક બાજુ વહાણના નોકરો વહાણ ધોવાના બ્હાને ચારે તરફ પાણી ઉડાડી રહ્યા હોય;—આ સર્વની વચ્ચે થર્ડ ક્લાસના ઉતારૂઓ પોતાનું સ્થાન લે છે અને દસ વીસ દિવસ સુધી જીવે છે! અલબત્ત, આમાં આપણા ઉતારૂઓનો પણ મોટો દોષ છે. આપણી ગંદી ટેવો આમાં પણ અમુક અંશે જવાબદાર છે. પરંતુ જે ઉતારૂઓની કમાણી પર કંપનીનો આવો મોટો આધાર છે તેનો આવો નિરાદર થાય છે તે પણ જોવા જેવું છે. પણ આવા બધા પ્રશ્નોનો નીકાલ તો સ્વરાજ્યના નીકાલની સાથે જ આવે, માટે આપણે જવા દઇએ.

થર્ડ ક્લાસના ઉતારૂઓની સંખ્યા તો મોટી જ હોય છે. અમારી જ સ્ટીમરમાં ૪૦૦–૫૦૦ હશે. તેમને માટે હરવાફરવાની જગ્યા નથી. તેમનાં પાયખાનાં, મુતરડીઓ વગેરે ખુબ ગંદાં હોય છે,—જવું ન ગમે તેવાં ગંદાં. તેમને માટે જે નળો છે તેનો ઉપયોગ થતો જોઇએ ત્યારે તો ચીતરી જ ચડે. નળે એક ભાઈ કળશે જઇને હાથ ધોવા આવે, ત્યાં એકાદ બ્રાહ્મણ શરીર ચોળતો ચોળતો અને ગંગાલહરી બોલતો નાતો જાય; અને હજી આ ખેલ શરૂ છે, ત્યાં એક મુસલમાન ખીચડી પકાવવા માટે ખીચડી ધોવા આવે;—પણ હવે પેલો ખારવો માછલાં ધોવા ઉભો રહ્યો છે તેનું? કોઇ બીચારી કાઠીઆવાડની વૈષ્ણવ બાઇ રાંધવાનું પાણી લેવા માટે ઉભી હોય તેનો તો પત્તો ખાવાનો જ ન હોય. આ દૃશ્ય આખો દિવસ, એક યા બીજા રૂપમાં ચાલુ જ હોય છે.

આ ભંડક વગેરેના ભાગમાં આપણી હીંદુઓની તેમજ મુસલમાનોની વીશીઓ છે. આપણા ઘણા મુસલમાન તેમજ હીંદુ ભાઇઓ આ વીશીમાં જમે છે. આપણા સેકન્ડ ક્લાસના ઉતારૂઓ પણ મોટે ભાગે યૂરપીઅન વીશીમાં ન જમતાં આ વીશીમાં જ જમે છે. આ વીશીઓ આપણા જીવનની અસ્વચ્છ-તાનો પુરેપુરો નમુનો છે. મુસલમાન તેમજ હીંદુ વીશીઓ માટે એક એક ઓરડી આપવામાં આવી છે. આ બંને ઓરડીઓ વચ્ચે જાળીની એક સાદી આડશ કરેલી છે. હીંદુ વીશીમાં બે પ્રકારનું ખાવાનું મળે છેઃ સામન્ય અને સ્પેશ્યલ. મુંબાઇથી મોંબાસા આવનાર માણુસે સામાન્ય ખોરાક માટે ૧૬ રૂપીઆ આપવા પડે છે અને સ્પેશ્યલ માટે ૬૨ આપવા પડે છે. સ્પેશ્યલવાળા વીશીમાં જમવા જતા નથી, પણ પોતાની જગ્યાએ ભાણું મંગાવે છે. સામાન્ય વાળાને પોતાનું ભાણું મંગાવવું હોય તો પાંચ રૂપીઆ વધારે આપવા પડે છે. સામાન્યમાં સવારે ચા ને પુરી; બપોરના દાળ, ભાત, શાક; સાંજે ખીચડી ને શાક. સ્પેશ્યલવાળાને સવારે ચા પુરી સાથે શાક; બપોરના રોટલી, વધારામાં બે શાક, અથાણું, પાપડ; ચાર વાગે ચા; સાંજે ખીચડી, શાક, પુરી; રાત્રે ચા. આટલું તો ઠીક; પરંતુ આ વીશીવાળાઓ પોતાની ઓરડીમાં જે રીતે રાંધે છે તે જુઓ, તેમનો સામાન જુઓ, વીશીની પાસે જ ચાલવાના રસ્તામાં આપણા લોકો દાળ, ભાત અને ખીચડી ચડાવવા બેસી જાય તે જુઓ, તો આપણને મુંબાઇના લૉજો તો સારા લાગે. આ વીશીમાં વાશી ગંદાં શાક, રાંધનારાઓનાં અતિ-શય ગંદાં કપડાં, મેંદાના લોટની સાથે માવાનું મિશ્રણ કરીને બનાવેલી મીઠાઇ, તેમનાં ઉટકયા વિનાનાં વાસણો, તેમનો મસાલાનો કચરો, આ બધામાં મને તો આપણી અસ્વચ્છતાનું જ પ્રતિબિંબ દેખાય છે. જે પ્રજાનાં રસોડાં ને પાયખાનાં ગંદાં તે પ્રજા જ ગંદી એ મને અહીં વધારે સ્પષ્ટ થયું. મને લાગે છે કે આપણા કોમળ લોકો આ ગંદકીથી ત્રાસીને જ યૂરપીઅન લોકોની ટેબલ પરની ચોકખાઇ પસંદ કરે છે અને તેમના ખોરાક લેવા પ્રેરાય છે. આપણે આપણા જીવનમાંથી આ ગંદકી દૂર કર્યે જ છુટકો છે.

નાનાભાઈ

બાબુનો પહેલો કાગળ

[લેખક: શંકર દત્તાત્રેય કાલેલકર]

... ... બોર્ડિંગ સ્કુલ, તા. ... ...

પૂજ્ય ભાઈ અને બાને મારા પગેલાગણ. હું તમને વહેલો જ કાગળ લખવાનો હતો, પણ અહીં અમને બહુ કામ હોય છે તેથી વખત ન મળ્યો.

મને અહીં રહેવું બીલકુલ ગમતું નથી. જો તમે મને ઘેર પાછો લઇ જશો તો હું ગમે તે કબુલ કરીશ. હું કોઇ દિવસ હઠ નહિ કરૂં. બહુ તો શું? પણ આપણા નોકર સાથે પણ સારી રીતે વર્તીશ. પણ મને પાછો લઇ જાઓ. અહીંના બધા લોકોથી હું બહુ કંટાળી ગયો છું.

હવે હું અહીંની બધી હકીકત વીગતવાર લખું.

હું અહીં આવ્યો કે પહેલે જ દિવસે હેડમાસ્તરની છોકરીએ મને રમવા બોલાવ્યો. કમળા બહુ સારી છોકરી છે. પણ બહુ લુચ્ચી! એણે પોતાની ઢીંગલીને મીજબાની આપવાનો વિચાર કર્યો. અને ખરેખરી ખાવાની ચીજો લઇ આવી. અહીં સુધી બધું ઠીક હતું; પણ જ્યારે મેં ભુખ્યા રાક્ષસનો વેશ લઇ બધી મીજબાની ચટ કરી ત્યારે તે મારા ઉપર ચીડાઈ. અને જ્યારે તેની ઢીંગલી મરી ગઇ ત્યારે તો તે જોરથી રોવા લાગી. ખરૂં જોતાં ઢીંગલી એણે જ ભાંગી હતી. મેં તો માત્ર ઢીંગલીના બે પગ પકડ્યા હતા; પણ એ મુરખ છોકરીએ ખેંચાખેંચ કરી ઢીંગલી પાડી, અને ફુટી ગઈ. એટલે એણે તો પોતાની બા આગળ ચાડી ખાધી, તેથી તેણે મને કાઢી મુકયો. પણ એમાં મારો શો દોષ? હવે મેં નિશ્ચય કર્યો છે કે છોકરીઓ સાથે કોઇ દિવસ રમવું નહિ.


બીજો પણ એક મોટો અન્યાય મને થયો છે. હું કંઇક હુન્નર શીખું એવી તમારી ઇચ્છા હતી. મારા મનમાં આ વાત બહુ દિવસ થયાં ઘોળાતી હતી. બીલાડીઓ ભીંત ઉપર ચાલે છે અને ત્રાસ આપે છે તેનો મેં એક ઉપાય શોધી કાઢયો.



એક દિવસ માસ્તરને નીશાળમાં આવતાં મોડું થયું એટલે મેં મારો એ પ્રયોગ છોકરાઓને સમજાવવાનો નિશ્ચય કર્યો અને પ્રયોગને માટે મેં માસ્તરની ખુરશીમાં બે ટાંકણીઓ ઉભી ખોસી. એટલામાં માસ્તરનો અવાજ આવ્યો અને સૌ ટપોટપ જગ્યાએ બેસી ગયા. પેલી ટાંકણી કાઢવાનો વખત જ ન મળ્યો. માસ્તર હાંફળા-ફાંફળા આવ્યા એવા ખુરશી ઉપર બેઠા.— બેઠા શેના? તરત જ રાડ પાડતા ઉઠયા અને ચીડાઇને મને સારી પેઠે માર્યો. હવે મારી પણ તે જ જગ્યા દુખતી હોવાથી આ કાગળ પણ ઉભો ઉભો જ લખું છું.

આ માસ્તરની પહેલેથી જ મારા ઉપર ચીડ હોવાથી એમણે મને બહુ જ ટીપ્યો. છોકરાઓને ગુનાહ કરતાં





પકડવા માટે એ માસ્તરને ચોરીછૂપીથી આમતેમ ફરવાની બહુ ટેવ છે. એકવાર હું અને મારો એક દોસ્ત શાહીની રમત રમતા હતા. આ રમત એટલે 'એકબીજાના ડીલ ઉપર શાહી ફેંકી ગમ્મત કરવી તે.' અમારી આ રમત ચાલતી હતી એટલામાં એ માસ્તર છાનામાના આવીને મારી પાછળ ઉભા રહ્યા. એટલામાં મારા દોસ્તના ખડીઆમાંની ખુબ શાહી એમના નાક ઉપર પડી! (ગુપચુપ કોઇની ઓરડીમાં જવા માટે આ શિક્ષા ઠીક થઇ !)

મને જે કાગળ લખો તે કાર્ડ ઉપર ન લખતા. બધા અહીં વાંચે છે; માટે પાકીટમાં લખજો. કાગળમાં મને કોઈ દહાડો 'બાધો' એમ ન લખતા. દાદીમાને કહેજો કે તેણે શીખવેલી પ્રાર્થના હું રોજ કરતો, પણ અહીં બધા મશ્કરી કરે છે તેથી તે છોડી દીધી છે.

અહીંના છોકરાઓ બહુ ખરાબ છે. એક દિવસ તેઓ મને ફુટબૉલ રમવા ખેંચી ગયા. ફુટબૉલ જેવી તોફાની રમતો મને ગમતી નથી, કારણકે આવી રમતોમાં કપડાં બહુ ફાટે છે; અને તે શીવડાવવામાં તમને કેટલું ખરચ થાય છે ! તેથી હું રમવા ન જતાં બાજુએ ઉભો રહ્યો, એટલે કેટલાક છોકરાઓએ મને લાતો મારી. પણ મેં એ બધાને બરાબર સરખા કર્યા છે. બીજે દિવસે વર્ગમાં કોઈ નથી એમ જોઇને મેં વર્ગના બાંકડા ઉપર ચપ્પુથી 'પટેલ' એવું નામ કોતર્યું. પણ બાંકડા ઉપર નામ કોતરવું નહિ એવો નિયમ હોવાથી મને સારી પેઠે માર મળ્યો !

અહીંના માસ્તરો પણ છોકરાઓની પેઠે ક્રૂર છે. એમને અમારા ઉપર બીલકુલ વિશ્વાસ નથી. અમારી પરીક્ષાને દિવસે (અહીં અમારી પાછળ દર અઠવાડીએ પરીક્ષાનું લફરૂં છે) મારી પાસેનો છોકરો બરોબર લખે છે કે નહિ તે હું જોતો હતો, એટલામાં માસ્તર આવ્યા, અને મેં ખરૂં કહેવા છતાં મારો પેપર ફાડી નાખ્યો! મારા બધા જવાબો બરાબર હતા, પણ માસ્તર પક્ષપાતી હોવાને લીધે તેમણે મારો નબર પહેલો ન આવે તે માટે જ આવું કર્યું હોવું જોઇએ.

અહીંના માસ્તરો તો પક્કા લુટારૂ છે. એક દિવસે મેં ક્લાસમાં ખાવા માટે પીપરમિંટની એક ટીકડી બહાર કાઢી. (અહીં અમને લગભગ અરધે પેટે રાખવામાં આવે છે) એ જોઇને માસ્તરે મારા ખીસામાંની બધી ટીકડીઓ લઇ લીધી અને વળી ઉપરથી સોટી મારી!

અહીં બધાંનો સ્વભાવ જ એવો છે કે કોઇનો કોઈના ઉપર વિશ્વાસ ન બેસે. મેં સાંભળ્યું હતું કે બીડી પીવાથી નાકમાં અને આંખમાં પાણી આવે છે, અને તેથી ફરી બીડી ફુંકવાનું કદિ મન થતું નથી. આગળ જતાં મને બીડી પીવાની કુટેવ ન પડે તે માટે મને જડેલો બીડીનો કકડો હું પહેલી જ વાર ફુંકતો હતો, એટલામાં માસ્તરે મને પકડ્યો અને મેં ખરૂં કીધા છતાં મને ૨૦૦ લીટી સુલેખન (ડિક્ટેશન)

લખવાની શિક્ષા કરી. ત્યારથી મેં નિશ્ચય કર્યો છે કે અહીં કોઈ દહાડો સાચું બોલવું નહિ.

સાચું બોલવા માટે મારા એક મિત્રને અહીંથી કાઢી મુકવામાં આવ્યો. હાલ અહીં ચોરીઓ બહુ થાય છે, છતાં કોઈ મુરખ છોકરાઓ ખીસામાં પૈસા રાખે છે કે કેમ એ જોવા માટે મારા તે મિત્રે એક જણના ખીસામાં હાથ નાખ્યો; એટલામાં બારણા પાછળ સંતાએલા માસ્તરે એનો હાથ ઝાલ્યો. (જુઓ, માસ્તર અમારી પાછળ ખાઇપીને કેવા મંડ્યા રહે છે !)

આવી આવી તે કેટલી વાતો તમને કરૂં? અહીં અમને અરધે પેટે રાખવામાં આવે છે એ મેં લખ્યું છે જ. જો મને અહીંથી લઈ ન જવાના હો તો મને ખાવાનો ડબો મોકલજો; પણ એના ઉપર 'ખાવાનું' નામ ન લખતાં 'કપડાં' 'જોડા' એવું કંઇ નામ લખજો, એટલે કોઇને આપવું નહિ પડે. ગયે વખતે આખો ડબો વહેંચવામાં જ ખપી ગયો. ગયે અઠવાડીએ મોકલેલા પૈસા મેં એક ગરીબ છોકરાને આપ્યા. તે બિચારો ભુખ્યો હતો. તમે મને પૈસા મોકલશો તો હું આવા પરોપકારમાં જ ખરચીશ!

મારો માસિક રીપોર્ટ તમને મોકલ્યો ? એમાં મારો નંબર છેલ્લો હોય તો બીજા છોકરાઓની લુચ્ચાઇને લીધે જ. એમાં મારી વર્તણુક ખરાબ લખી હોય તો મારો ઇલાજ નથી. કારણકે હું ગમે તેટલો સારો ચાલું તોપણ બધાને તે ખરાબ જ લાગે છે. ડબા (ખાવાના) નું ન ભુલતા

લી. તમારો આજ્ઞાધારક બાબુ

જ્ઞાન-ગમ્મત

તમે ચાર મિત્રો ભેગા હો અથવા નાનાં ભાઇબ્હેન જોડે આનંદ કરતા હો, ત્યારે બધા સાથે ભાગ લઈ શકે તેવી ગમ્મત કેમ ઉપજાવવી તેનો ઘણીવાર તમને વિચાર થઈ પડતો હશે. ઘણા ચતુર છોકરાઓ તો આવે પ્રસંગે વાર્તા કહેવા માંડે, અથવા 'અંતકડી' શરૂ કરી દે. વાર્તાનો રસ તો કોઇ હુશીઆર હોય તે જ જમાવી શકે; અને 'અંતકડી' ચાલુ રાખવાને દરેક જણને કવિતાનો સારો જેવો સંગ્રહ મોઢે થએલો હોવો જોઇએ. 'અંતકડી' તો બહુ ગમ્મત ઉપજાવે એવી છે. હાજર હોય તેટલા જણમાંથી બે નાની નાની ટોળીઓ બની જાય. પછી એક ટોળીમાંથી એક જણ કવિતાની એક કડી બોલે. તે બોલી રહે કે તરત સામી ટોળીમાંથી બીજાએ, તે કડીના છેવટના અક્ષરથી નવી કડી બોલવી શરૂ કરવી જોઇએ. એની કડીનો છેલ્લો અક્ષર આવે તે પરથી વળી પાછા આ બાજુ વાળા બોલે: એમ ચાલ્યા જ કરે. છેવટે, જે બાજુમાંથી કોઇ કવિતાની કડી ઉપાડી લઇ આગળ ન ચલાવી શકે તે હાર્યા કહેવાય

આ રમતથી જુની કવિતાઓ તાજી થઈ જાય, ભાષાનો ભંડાર વધતો જાય, અને વળી સામા પક્ષ પાસેથી ઘણીવાર નવી કવિતા સાંભળવાની પણ મળે. એમ કવિતાનો બહુવિધ આનંદ મળે.

જેને ઘણી કવિતાઓ મોઢે હોય તેને નાનાં નાનાં જોડકણાં કે કડીઓ બનાવી કાઢવાનું મુશ્કેલ ન પડે. આ નીચે કવિતાની બે લીટીઓ આપી છે: એક ભુજંગી છંદની છે, અને બીજી તોટકની. એ ઉપરથી, એ લીટીઓ છેલ્લી આવે એવી રીતે, તેની શરૂઆતમાં ત્રણ ત્રણ લીટી ઉમેરીને, એકેક કડીની પાદપૂર્તિ કરી મોકલો જોઇએ.


(૧) નિરાશા જશે, શોભશે નવ્ય આશો (ભુજંગી)

(૨) અવનિ જ ખરેખર સ્વર્ગ, સખે ! (તોટક)

ઉપલી લીટીઓની પાદપૂર્તિની એકેક કડી જ બનાવવી, અને 'કુમારના તંત્રી'ને સરનામે મોકલી આપવી. જે કડીઓ સુંદર થઈ હશે તે તેના રચનારનાં નામ સાથે 'કુમાર'માં પ્રસિદ્ધ થશે. તમે આ બાબતમાં ઉત્સાહ બતાવશો તો દર વખતે નવી પાદપૂર્તિ રજુ થતી જશે. તમને એવું કંઇ સુઝી આવે તો તમે પણ મોકલજો.

ગણિત-ગમ્મત

ના વિભાગમાં વાંચનારાઓને ઘણો રસ પડ્યો હોય એમ જણાય છે; એટલે તે પણ આ ભાગમાં ચાલુ જ રહેશે..



એક ખેડુતને બાજુપર જણાવેલી આકૃતિ પ્રમાણે જમીન અને તેમાં દસ આંબાનાં ઝાડ, તથા વચમાં જણાવેલી જગ્યાએ કુવો છે. તેને પાંચ છોકરા છે. તે પાંચેને એ જમીન સરખે ભાગે એવી રીતે વહેંચી આપો, કે દરેકને સરખી આકૃતિની જમીન અને તેમાં બબ્બે ઝાડ આવે. કુવો સૌનો સહીઆરો છે.

*

૧ થી ૯ સુધીના બધા અંક તથા મીંડું, એ બધાંને એવી રીતે ગોઠવો કે જેનો સરવાળો ૧ થાય.

*

શબ્દસાંકળી

એવા છ શબ્દો ક્રમસર આપતા જાઓ કે પહેલાના છેલ્લા બે અક્ષરથી શરૂ થઇને બીજો શબ્દ બને. બીજાના છેલ્લા બે અક્ષરથી શરૂ થતો ત્રીજો બને. એમ છયે શબ્દો બને. (દાખલા તરીકે સુરત, રતવા, તવાઈ, વગેરે) અને તેના અર્થ ક્રમસર આ પ્રમાણે થાયઃ (૧) તીર્થનું સ્થળ; (૨) સૂર્ય; (૩) ભજનનું એક સાધન; (૪) ઉંચાં વૃક્ષોનું ઝુંડ; (૫) જુના ગુજરાતનો એક રાજા; (૬) કાઠીઆવાડનું એક શહેર.

ઓળખી કાઢો


હું એક દેશભક્તની જન્મભૂમિ છું. મારો પહેલો અને છેલ્લો અક્ષર મળી ગયું વર્ષ કે આવતું વર્ષ એવો અર્થ થાય છે. છેલ્લા બે અક્ષરનો અર્થ 'ભાવ' થાય. પહેલા અક્ષરનો અર્થ સવાર થાય છે, અને છેલ્લા ત્રણ અક્ષરો સમુદ્રને લગતું ગામ એવો અર્થ સુચવે છે. તો હું કોણ ?

ઈનામ

ઉપલા બધા સવાલોના સૌથી સરસ અને સાચા ઉત્તર મોકલનારનાં નામ ફાગણ માસના અંકમાં પ્રગટ થશે. નામો જાહેર કરવાને બે માસની મુદત રાખવાથી જવાબ તપાસવાને પુરતો વખત રહેશે. સૌથી ઉપર જેમનું નામ આવશે તેમને સમયોચિત નાનું ઈનામ અપાશે. ઉત્તર મોકલનારે નીચેની વીગતો પુરી પાડવી: (૧) પોતાનો ગ્રાહક નંબર, (૨) પુરૂં નામ, (૩) સરનામું, (૪) ઉમર તથા (૫) અભ્યાસ.

આ જાતના નવા સવાલો વાંચકો મોકલશે તો તેનો પણ સત્કાર થશે; જવાબ સાથે જ મોકલવા. અને નવા સવાલોનો એવો સૌથી સરસ સંગ્રહ મોકલનારની પણ યોગ્ય કદર કરનારૂં ઈનામ આપવામાં આવશે.

ગઈ વખતના દાખલાના જવાબ



ઘણા જણે મોકલ્યા છે. જમીન તથા ઝાડ સરખે ભાગે વહેંચવાની સારામાં સારી રીત આ બાજુ પર બતાવી છે તે છે.

*

નાવના દાખલામાં, પહેલાં બંને છોકરાં જાય; એક પાછું આવે; ડોસો જાય; બીજું છોકરૂં પાછું આવે; પાછાં બંને છોકરાં જાય; એક પાછું આવે; ડોસી જાય; બીજું પાછું આવે; અને બંને સાથે જતાં રહે.

*

આ નીચે ત્રણ છગડા એવી રીતે ગોઠવ્યા છે કે જેનો સરવાળો ૭ થાય છે : ૬÷૬+૬=૭ ૬$\frac{૬}{૬}$=૭




આકાશદર્શન

દૃષ્ટિ ૧૧ મી

ધ્રુવના તારાનું સ્થાન

ધ્રુવનો તારો હમેશાં સ્થિર રહે છે તથા તેની દિશા બરાબર ઉત્તર દિશા છે એ પાછળ આવી ગયું. આજે આપણે એ જોઇશું કે તે ક્ષિતિજથી કેટલી ઉંચાઇએ હોય છે.

નીચેની આકૃતિ પરથી આ વાત સ્પષ્ટ થશે. એ આકૃતિ પૃથ્વીની છે. તેની ઉપર આઠ સ્થળ લેવામાં આવ્યાં છે. સ્થળ નં. ૧ પૃથ્વી પરનો ઉત્તર ધ્રુવનો, અને નં. ૫



પૃથ્વી પરનો દક્ષિણ ધ્રુવનો પ્રદેશ છે. નં. ૩ અને નં. ૭ એવાં સ્થળો છે કે જ્યાંથી ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ સરખે અંતરે છે. આ બે સ્થળોમાંથી જે વર્તુળ દોર્યું છે તેને 'વિષુવવૃત્ત' કહે છે. દરેક સ્થળ આગળ એક નાનકડું અર્ધવર્તુળ ઉ ખ દ દોર્યું છે. આ, તે સ્થળે દેખાતો આકાશનો અર્ધગોળ ઘુમ્મટ છે. ઉ દ તે સ્થળે દેખાતું ક્ષિતિજ છે. અને ઉ તથા દ એ ક્ષિતિજ પરનાં અનુક્રમે ઉત્તર તથા દક્ષિણ બિંદુઓ છે. ખ એ આકાશનો બરાબર માથા ઉપરનો ભાગ છે. તેને 'ખ-સ્વસ્તિક' કહે છે. સ્થળ નં. ૧ અને નં. ૫ માં ઉ અને દ બિંદુઓનાં નામ માંડ્યાં નથી, કેમકે પૃથ્વીના ઉત્તર અને દક્ષિણ ધ્રુવના પ્રદેશોમાં દિશાઓ કેવી રીતે ગણવી એ એક પ્રશ્ન છે.

આકૃતિમાં આ ઉપરાંત ઉત્તર ધ્રુવના તારામાંથી અને દક્ષિણ ધ્રુવના તારામાંથી પૃથ્વી પર આવતાં કિરણો બતાવ્યાં છે. (દક્ષિણ ધ્રુવનો કોઇ તારો નથી, પણ ત્યાં એક તારાની કલ્પના કરી છે.) આ કિરણો ઘણે દૂરથી પૃથ્વી પર આવે છે, માટે તેમને સમાંતર બતાવ્યાં છે.

સ્થળ નં. ૧ (અથવા નં. ૫) જોવાથી માલુમ પડશે કે પૃથ્વીના ઉત્તર (અથવા દક્ષિણ) ધ્રુવના પ્રદેશમાં ઉત્તર (અથવા દક્ષિણ) ધ્રુવનો તારો માથા ઉપર દેખાય છે અને દક્ષિણ (અથવા ઉત્તર) ધ્રુવનો તારો દેખાતો નથી.

સ્થળ નં. ૩ અને નં. ૭ જોવાથી જણાશે કે વિષુવવૃત્ત આગળ બંને ધ્રુવના તારા દેખાશે; ઉત્તર ધ્રુવનો તારો ઉત્તર દિશામાં ક્ષિતિજમાં, અને દક્ષિણ ધ્રુવનો તારો દક્ષિણ દિશામાં ક્ષિતિજમાં.

વિષુવવૃત્તથી જેમ જેમ ઉત્તર (અથવા દક્ષિણ) તરફ જતા જઇશું તેમ તેમ ઉત્તર (અથવા દક્ષિણ) ધ્રુવનો તારો ક્ષિતિજથી ઉંચે ઉંચે ચડતો દેખાશે. સ્થળ નં. ૩ આગળનો આકાશનો ઘુમ્મટ સ્થળ નં. ૧ (અથવા નં. ૫) તરફ સરકાવીએ તો આ વાત સ્પષ્ટ થશે. સ્થળ નં. ૨ અને નં. ૮ આગળ ઉત્તર ધ્રુવનો તારો ઉત્તર દિશામાં ક્ષિતિજથી અમુક ઉંચાઇએ દેખાશે અને દક્ષિણ ધ્રુવનો તારો બીલકુલ દેખાશે નહિ. તેમ જ સ્થળ નં. ૪ અને નં. ૬ આગળ દક્ષિણ ધ્રુવનો તારો દક્ષિણ દિશામાં ક્ષિતિજથી અમુક ઉંચાઇએ દેખાશે અને ઉત્તર ધ્રુવનો તારો બીલકુલ દેખાશે નહિ.

સ્થળ નં. ૧ થી નં. ૩ સુધીની વર્તુળરેખાના ૯૦ સરખા ભાગ કરીએ તો તે દરેક ભાગ એક અક્ષાંશ કહેવાય. તેમજ ખ-સ્વસ્તિકથી ક્ષિતિજ સુધીની વર્તુળરેખાના ૯૦ સરખા ભાગ કરીએ તો તે દરેક ભાગ એક અંશ કહેવાય. કોઇ સ્થળ વિષુવ વૃત્તથી જેટલા અક્ષાંશ ઉત્તરે (અથવા દક્ષિણે) હોય તેટલા અંશ (ક્ષિતિજથી) ઉંચો ઉત્તર (અથવા દક્ષિણ) ધ્રુવનો તારો દેખાશે. અમદાવાદ ૨૩ અક્ષાંશ ઉત્તરે હોવાથી ત્યાં ઉત્તર ધ્રુવનો તારો ક્ષિતિજથી ૨૩ અંશ ઉંચો દેખાશે. ન્યુ યૉર્ક ૪૦ાા અક્ષાંશ ઉત્તરે હોવાથી ત્યાં ઉત્તર ધ્રુવનો તારો ક્ષિતિજથી ૪૦ાા અંશ ઉંચો દેખાશે. કેપ ઑફ ગુડ હોપ ૩૪ અક્ષાંશ દક્ષિણે હોવાથી ત્યાં દક્ષિણ ધ્રુવનો તારો દક્ષિણ દિશામાં ક્ષિતિજથી ૩૪ અંશ ઉંચો દેખાશે અને ઉત્તર ધ્રુવનો તારો મુદ્દલ દેખાશે નહિ.

હરિહર ભટ્ટ

અરધે લવાજમે 'કુમાર'

ગયા વર્ષની બાકી રહેલી આ યોજનાનાં ૧૨ અરધાં લવાજમ અમારી પાસે જમે પડ્યાં છે. તેના દાતાઓની ઈચ્છાથી આ વર્ષે એનો લાભ માત્ર કન્યાઓ, સ્ત્રીઓ અને સ્ત્રી-સંસ્થાઓને જ મળશે. જે કોઇ કન્યા, સ્ત્રી અથવા સ્ત્રી-સંસ્થાને આ લાભ લેવો હોય તેણે સત્વર અરધું લવાજમ મોકલી આપી આખા વર્ષના ગ્રાહક થઇ જવું.

વિદ્યાર્થીઓને પાંચ રૂપીએ 'કુમાર'

આખા વર્ષ સુધી આપવાને હજી અમને અવકાશ છે. **કોઈ પણ વિદ્યાર્થી** પોતાની શાળાના મુખ્ય શિક્ષકનું સર્ટિફીકેટ મોકલી આનો લાભ લઇ શકશે. વહેલો તે પહેલો.

ઇનામી હરીફાઇ

ફોટોગ્રાફીના શોખીન વાંચકો તરફથી આગ્રહભરી માગણી થવાથી, ફોટોગ્રાફીની એક નવી ઇનામી હરીફાઈ આવતા અંકમાં જાહેર થશે; અને તેનું પરિણામ 'કુમાર'ના ફાગણના અંકમાં પ્રકટ થશે. શોખથી ફોટોગ્રાફી કરનારાઓ, તૈયાર રહો.

સ્વીકાર

સુરત સેવામંડળની યુવકસપ્તાહની પત્રિકાઓ

વિદ્યાર્થીજગતને સંદેશ: લેખક, મહર્ષિ રવીન્દ્રનાથ ઠાકુર. યુવકવર્ગ અને વિશ્વબંધુત્વ: લેખક, હરજીવન કાલિદાસ મહેતા. યુવાનો અને વ્યાયામ: લેખક, છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી. જીવનકલા: લેખક, દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર. એ દરેકની કીં. બબ્બે પૈસા. ભારત સન્તાનોનો નિત્યધર્મ: લેખક, કવિ નાનાલાલ; કીં. ૧ પૈસો. સગુણોપાસના: લેખક, કિશોરલાલ ઘ. મશરૂવાળા; કીં. ૩ પૈસા.



માધુકરી

બૃહદ ગુજરાત

બૃહદ શબ્દ આર્ય કુળના જુનામાં જુના શબ્દોમાંનો એક છે. સાત વારમાંના એકના નામમાં તે છે. 'બૃહસ્પતિ' વારમાં બૃહદ શબ્દ છે. બૃહદ એટલે મોટું. પ્રજા જ્યારે ફેલાય ત્યારે તેનાં જે થાણાંઓ બને તેને ઓળખવામાં, તે પ્રજાના મુળ સ્થાનનું નામ તો કાયમ રહે, પણ સાથે જ બૃહદ લાગે. ગુજરાતઃ બૃહદ ગુજરાત. Greater Britain અને Greater Greece માં Greater શબ્દોનો આ જ અર્થ છે.

ખંડ ખંડ વિસ્તરતો હીંદી મહાસાગર મહારેલ,
તીર તીર જઈ સ્થાપી ગુર્જરીસંસ્થાનોની વેલ;
મહાસાગરનાં પૃથ્વીવિશાળ
સરોવર કીધાં ગુર્જરી બાળઃ
ધન્ય હો ધન્ય જ પુણ્ય પ્રદેશ,
અમારો ગુણીઅલ ગુર્જર દેશ.

કવિ નાનાલાલની લખેલી લાવણીની આ કડીનો અર્થ જરા ધ્યાનથી તપાસીશું તો એમાં ગુજરાત અને બૃહદ ગુજરાતની ભાવના એમણે કરી છે.

હીંદી મહાસાગર દરેક ખંડને અડે છે, તેમ જ દરેક મહાસાગરને પણ અડે છે. એટલે આખી પૃથ્વીમાં

મહાસાગરનાં પૃથ્વીવિશાળ
સરોવર કીધાં ગુર્જરી બાળ:

ગુજરાતીઓએ મહાસાગરનું પણ સરોવર બનાવ્યું. પરંતુ તે સરોવર પૃથ્વીવિશાળ છે, કારણકે

તીર તીર જઇ સ્થાપી ગુર્જરીસંસ્થાનોની વેલ.

આ કડીની ટેકમાં 'પુણ્ય પ્રદેશ' શબ્દને બદલે જરા બદલીને આમ બોલીએઃ

ધન્ય હો ધન્ય બૃહદ પરિવેશ,
અમારો ગુણીઅલ ગુર્જર દેશ.

પરિવેશ શબ્દ થીઓસોફિસ્ટો તો જાણતા હશે આપણો જે મ્હોરો-ચ્હેરો, તેનું તેજ તે પરિવેશ. શંકરાચાર્યની કે કૃષ્ણની છબીમાં તેમનાં મુખની આસપાસ તેજનું ચક્ર કરાય છે તે પરિવેશ. અંગ્રેજીમાં તેને Halo કહે છે. ગુજરાત મુળ વતન : બૃહદ ગુજરાત તેનો પરિવેશ. આ પરિવેશ દુનીઆને કાંઠે કાંઠે આખી પૃથ્વીમાં ફેલાએલો છે.

આ બૃહદ ગુજરાતને આપણે બે વિભાગમાં જોઇએ:

(૧] હીંદુસ્તાનની બહારનો બૃહદ ગુજરાતઃ બે લાખ કે તેથી વધારે વસ્તીવાળાં તમામ શહેરો—પેકિંગ ને ટોકીઓથી માંડી અમેરિકા, દક્ષિણ અમેરિકાનાં બધાં શહેરો, જે ૩૦૦–૪૦૦ હશે, તે દરેકમાં એકાદ ગુજરાતી અચુક હશે. પણ ગુજરાતી એટલે વૈષ્ણવ, જૈન, હીંદુ, પારસી, મુસલમાન, ખ્રીસ્તી,—બધા. ગમે તે ધર્મ હોય, પણ ત્રણ પેઢીથી જેની ભાષા ગુજરાતી હોય, ઘણા વખતથી બીજા દેશમાં રહેવાથી ગુજરાતી ભાષા ભુલી ગયા હોય છતાં જેના ઘરમાં ગુજરાતી સંસ્કૃતિની દંતકથા હોય, તે બધા ગુજરાતી.

(૨) હીંદુસ્તાનની અંદરનો બૃહદ ગુજરાતઃ કરાંચી, રંગુન કે મદ્રાસમાં જોશો તો મોટામાં મોટા વેપારીઓ કે મિલ્કતવાળા ગુજરાતીઓ જ છે. થોડા વખત પહેલાં ઝવેરી તરીકે બધે પ્રખ્યાત થએલી ઠાકર ઍન્ડ કો. કોણ? મહેમદાવાદના ખેડાવાળ ઠાકર. નાસીક કોલ્હાપુરનાં ત્રાંબા-પીતળનાં વાસણો દેખાય છે, પણ જરાક જોશો તો ખબર પડશે કે તેના બનાવનારા સોનીવાણીઆ છે. ત્રિવેંદ્રમમાં જે વણાટકામ થાય છે ત્યાં પણ વણવાવાળા ગુજરાતીઓ જ. આમ હીંદુસ્તાનમાં ૩૦ કે ૩૫ હજારની વસ્તીવાળા ગામમાં કોઇ ગામ સાવ ગુજરાતી વગરનું નહિ હોય.

જ્યાં થોડાં ગુજરાતી કુટુંબ—ભલે એનાં એ હોય—રહેતાં હોય, અને તે પણ ઘણાં વર્ષો થયાં, તે ગુજરાતી થાણું. મુળ મથક (ગુજરાત) અને આવાં (બૃહદ ગુજરાતનાં) થાણાંઓ વચ્ચે આજ સુધી જે વ્યવહાર ચાલ્યો છે તેના કરતાં જુદી રીતે અને વધારે વ્યવહાર ચલાવવાની હવે જરૂર છે. તેની યોજનાઓ અનેક છે.

... ...

બૃહદ ગુજરાતમાં વસતાં ગુજરાતી છોકરાંઓ ઉપર ગુજરાતી સંસ્કાર પડવા જોઇએ. જો આપણાં છોકરાં ગુજરાતી મટી જાય તો તે વટલાયાં જ કહેવાય. ધર્મભ્રષ્ટ થાય તો જ વટલાય એવું કાંઇ નથી. પોતાની સંસ્કૃતિનો લોપ એ પણ વટલાવું જ. એટલે બૃહદ ગુજરાતના ગુજરાતીઓની મુળ સંસ્કૃતિ તો જાળવવી જ જોઇએ. ... ... અઢાર વરસથી નાની વયનાં છોકરાંની કેળવણીમાં ખાસ ગુજરાતીના સંસ્કાર પડવા જ જોઇએ. કારણકે આ વયનાં છોકરાં ઉપર આ વખતે જો પારકા સંસ્કાર પડે તો તેઓ ગુજરાતી રહે જ નહિ. ગુજરાતીપણું ખીલવવું હોય તો દરેક ગુજરાતી બાળકને ગુજરાતી કેળવણી આપવી જ જોઇએ.

(કરાંચીના ભાષણપરથી) બલવંતરાય ક. ઠાકોર

વિદ્યાર્થીની 'કરીઅર'

આજકાલ સાધારણ રીતે 'કરીઅર'નો અર્થ એવો કરવામાં આવે છે કે ઓછામાં ઓછી શરીરમહેનત કરીને તથા ફુરસદનો વખત સારી પેઠે રહે તેવી રીતે આ વીસમી સદીની સુખસગવડોવાળું અને સમાજમાં પ્રતિષ્ઠિત એવું જીવન ગાળવું જે વડે શક્ય બને તે 'કરીઅર'. સરકારી યુનિવર્સિટીમાં ભણનારા વિદ્યાર્થીઓને આવી 'કરીઅર'નો ચાન્સ ઘણો છે. વિદ્યાર્થીઓ વારંવાર આ પ્રશ્ન પુછે છે કે અમારી આજીવિકા તો ઠીક ઠીક રીતે ચાલવી જોઇએ ને? અમને decent livelihood તો મળવું જોઇએ ને? હું કહું છું કે જરૂર મળવું જોઇએ-અને જેનામાં પાણી હશે, પરાક્રમ કરવાનો પુરુષાર્થ હશે, તેને તે મળ્યા વિના નહિ જ રહે. પણ આટલી ઉચ્ચ કેળવણી લીધા પછી પોતાને મળેલી કેળવણી કેવળ આજીવિકાના એક સાધન તરીકે જ વાપરવાનો વિચાર કરવો એમાં તો પૈસાની જગાએ રૂપીઓ વાપરવા જેવું થાય છે. સાચી કેળવણી પામેલા માણસને આજીવિકા મેળવવાની ચિંતા રહે જ નહિ. તે તો સહેજે મેળવી લે. પરંતુ આજીવિકા મેળવવા ઉપરાંત કેળવણીનો તો બીજે ઘણો યે ઉપયોગ કરવાનો છે. આવડી મોટી સ્વરાજ્યની લડત આપણે ઉપાડી છે. ગાંધીજી જેવા-જેને માટે દુનીઆના બીજા દેશો ઝંખે છે, ને કહે છે કે અમને એવા નેતા મળે તો અમે તો શુંનું શું કરી નાખીએ એવા—સરદાર આપણને મળ્યા છે, છતાં કહેવું કે અમારી આગળ 'કરીઅર' નથી એ કેવી વાત? સ્વરાજ્યની લડત લડવી એ શું નાનાસુની 'કરીઅર' છે? આપણી આ લડતમાં અનેક પ્રશ્નો હાથ ધરવામાં આવ્યા છે, તેમાં કોઇ પણ ક્ષેત્રમાં ગોઠવાઈ જઇ દીપી નીકળવાનો અવકાશ છે.

નવો ચીલો

પણ ફરી કહું છું કે 'કરીઅર' શબ્દના અર્થમાં સમજફેર હોવાથી આપણને આ બધામાં 'કરીઅર' દેખાતી નથી. આપણે તો સહીસલામતી જોઇએ છે, પડેલે ચીલે ચાલવાનું જોઇએ છે, અમુક પ્રકારની સગવડવાળા જીવનની ગૅરંટી જોઇએ છે. હું કબુલ કરૂં છું કે મેં ઉપર ગણાવ્યાં તે કામોમાં તો કાંટાઝાંખરાં સાફ કરી નવા ચીલા પાડવાના છે, અનુકુળ પરિસ્થિતિ અને અનુકુળ સંજોગો પોતાના પુરુષાર્થથી ઉભા કરવાના છે. આ બધું કરવા માટે તો કઠણ જીંદગી ગાળવી પડે, કેટલાં યે સાહસ ખેડવાં પડે, અને કંઇ કંઇ પરાક્રમો કરવાં પડે. તેથી જ હું કહું છું કે તેમાં 'કરીઅર' છે. પડેલે ચીલે તો સૌકોઈ ચાલે. એમાં 'કરીઅર' શી? 'કરીઅર' તો નવા ચીલા પાડનારાની ગણાય.

"ચીલે તો સબ કોઇ ચલે, ચીલે ચલે કપુત;
ઉરચીલે ઇત્તે ચલે, સિંહ, સીંચાણો, સપુત."

કઠણ, સાહસિક અને પરાક્રમી જીવન ગાળ્યા સિવાય કોઈ દેશનો ઉદય થયો નથી; અને આ ગુલામી જીવન આપણને અકારૂં અને અસહ્ય લાગતું હોય તો નિશ્ચેષ્ટ શાન્તિ અને સલામતીવાળા જીવનને તિલાંજલિ આપવાની આપણી તૈયારી હોવી જ જોઇશે.

ખુવારીની મઝા

આપણા વીર કવિ નર્મદે જે દિવસે નોકરી છોડી, ઘેર આવી, આંખમાં ઝળઝળીઆં સાથે કલમ સામું જોઇ, તેને આશ્રયે જઈ સરસ્વતીની સેવામાં જીવન સમર્પણ કર્યું, તે દિવસે એણે કઈ 'કરીઅર'નો વિચાર કર્યો હશે? હું તો કહું છું કે તે દિવસથી એની સાચી 'કરીઅર' શરૂ થઈ. નર્મદે આજીવિકાની સલામતીવાળી નોકરી કર્યા કરીને લખ્યું છે તેથી ઘણું યે વધારે લખ્યું હોત તોપણ આપણે તેને વીર ન કહેત. ઢસાના દરબાર તરીકે ગોપાળદાસભાઇ રૈયતની બહુ યે સેવા કરતા હતા.પણ હું તો કહું છું કે એ છોડીને ઢસાની રૈયતના દરબાર મટી આખા ગુજરાતની રૈયતના જ્યારથી એ દરબાર બન્યા છે ત્યારથી એમની સાચી 'કરીઅર' શરૂ થઈ છે. મોટી ઉપજ ખોઇને બની શકે તેટલું રૈયતનું ભલું કરવાની એમની પડેલી 'કરીઅર'માં શો આનંદ કે મઝા હતી? ખુવારીમાં જે મઝા છે તે સલામતીમાં નથી.

પાંચાભાઈ

જલાલપુર તાલુકાના કરાડી ગામમાં એક પાંચાભાઇ કરીને કોળીનો દાખલો તો તાજો જ છે. ૧૯૨૨ માં સરકારને મહેસુલ નહિ ભરવાની લડત બારડોલી તાલુકામાં ગાંધીજીએ ઉપાડી ત્યારથી આ પાંચાભાઇએ પોતાની જમીનનું મહેસુલ

નહિ ભરેલું. બેત્રણ વર્ષ ઘેર જપ્તી કરીને સરકારે વસુલ કર્યું. આ વર્ષે તેમની જમીન ખાલસા કરી હરરાજ કરી નાખવાનો સરકારે હુકમ કાઢયો. બધા પાંચાભાઇને સલાહ આપવા આવ્યા કે તમે એકલા મહેસુલ નહિ ભરો તેથી સ્વરાજ્ય શું પાસે આવવાનું હતું? ત્યારે પાંચાભાઇને થયું કે ગાંધીજીને જરા પુછી લઇએ તો ઠીક. ગાંધીજીએ પુછયું કે કોની સલાહથી તમે મહેસુલ નથી ભરતા? પાંચાભાઇએ જવાબ આપ્યો કે 'મહાત્માજી, તેં જ નવજીવનમાં લખેલુંને, કે વ્યક્તિગત સવિનય ભંગ કરનારને દુનીઆમાં કોઈ રોકી શકનાર નથી? વળી નવજીવનમાં એક કવ્વાલી નહોતી છપાઈ, કે 'તારી હાક સુણી કોઈ ના આવે તો તું એકલો જાને રે?' એટલે મેં તો વિચાર કરી નાખેલો.' ગાંધીજીએ ફરી પુછયું, કે જમીન ગયા પછી ખાશો શું? એનો વિચાર કર્યો છે? પાંચાભાઇએ તો બેધડક જવાબ આપ્યો કે 'પરમેશ્વરે આ બે હાથ શું કામ આપ્યા છે? મજુરી કરીને મારૂં અને મારા કુટુંબનું પોષણ કરવાની શક્તિ છે.' ગાંધીજીએ કહ્યું. 'ભાઇ, તમને સવિનય ભંગ કરતાં કોઈ ન રોકી શકે. જરૂર મહેસુલ ન ભરશો.' આ પાંચાભાઈની લગભગ સાતસો આઠસો રૂપીઆની જમીન, જેમાંથી એના રોટલા નીકળતા તે, હરરાજ થઇ ગઇ અને પાંચાભાઇ કરાડી ગામમાં મોજથી મજુરી કરે છે. વળી કબીરનો એના જેવો અભ્યાસી મેં હજી નથી જોયો. આ જીવનમાં, આ 'કરીઅર'માં રહેલું સાહસ (Romance) તમને આકર્ષતું નથી?

આપણે કાયર?

પણ તમે જો મને પુછશો કે બીજા બધાને માથે આ બોજો નહિ ને બીચારા વિદ્યાર્થીઓને જ માથે? હું પુછું છું કે સ્વરાજ્યની લડતનો બોજો આપણા જેવા જુવાનીઆઓના ઉપર નાખવામાં આવે તો તેમાં આપણું ગૌરવ છે કે આપણી માનહાનિ? આપણે આપણી 'કરીઅર'નો વિચાર કર્યા કરીશું અને ઘરડાઓ જઇને સ્વરાજ્યની લડત લડશે, એ શું બનવાનું છે? જેની પાસે હોય તેની પાસે જ કોઈ માગવા પણ જાય. આશા, ઉત્સાહ, આદર્શપ્રિયતા, ભોગતત્પરતા, એ બધાંના જુવાળ તો યુવાન હૃદયમાં ચઢે. આપણા નેતાઓ આપણી આશા ન રાખે ત્યારે કોની રાખે? આ સમય તો આપણી કસોટીનો છે. આપણી તો એવી ટેક હોવી જોઇએ કે ભવિષ્યમાં ઇતિહાસકારને એમ ન કહેવાનું કારણ મળે કે હીંદુસ્તાનના યુવકોની કસોટીનો પ્રસંગ આવ્યો ત્યારે તેઓ કાયર નીવડ્યા.

('નવજીવન-કેળવણીઅંક'માંથી) નરહરિ પરીખ

વિદ્યાર્થીઓને

વિદ્યાર્થીની સ્થિતિ અને દશા એ બ્રહ્મચર્યની દશા. દરેક ઇંદ્રિયનો સંયમ એ એનો ભાવ છે. વિદ્યાર્થીજીવન એ જીવનનો પાયો છે; જીવનની તૈયારી છે. એ દશામાં માબાપની પાસેથી, શિક્ષકો પાસેથી, સંસાર પાસેથી આપણે લીધા જ કરીએ છીએ. પણ એ લીધા કરીએ છીએ તે એ અર્થે, કે વખત આવ્યે એ લીધેલું બધું ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે પાછું આપીએ.

આજે તો વિદ્યાર્થીને બાર વરસની ઉમરથી આજીવિકાનો વિચાર કરવો પડે છે. આ તો વિદ્યાર્થીઆશ્રમ સાથે ગૃહસ્થાશ્રમનો સંકર થયો. આ સંગમ નથી પણ સંકર છે. સંગમ તો ગંગાજમનાના સંગમ પેઠે બે શુભ વસ્તુઓનો હોય.

વિદ્યા છે તે મન, શરીર અને આત્માની ઉન્નતિ માટે છે. જેનું શરીર સુવ્યવસ્થિત અને મજબુત છે, જે સખત ટાઢતડકો અને શ્રમ સહન કરી શકે છે, જેનું મન ધારેલું કામ કરી શકે છે, જે સંયમી છે, જેનો આત્મા સ્વચ્છ છે—એવો સ્વચ્છ છે કે જે કહી શકે કે હું મારા હૃદયના ભણકારા સાંભળવાનો છું (અને આત્માનું સ્થાન હૃદય છે એટલે હૃદય પણ સ્વચ્છ હોવું જોઇએ)—તેણે ખરી વિદ્યા લીધી છે. આ ત્રણ વસ્તુ જેણે મેળવી હોય તેણે આજીવિકાનો પાઠ લેવાની જરૂર શાને હોય? આજીવિકાની ચિંતા શાને હોય? એને તો વિશ્વાસ હોય કે જેણે દાંત આપ્યા છે તે ચાવાનું જરૂર આપશે.

વિદ્યાને જે કેવળ આજીવિકાનું સાધન માને છે તેને આજીવિકા પણ મળતી નથી. અને જે વિદ્યાને ખીલવવાની શુદ્ધબુદ્ધિથી વિદ્યા મેળવે છે તેને આજીવિકા એની મેળે મળી રહે છે. વિદ્યાર્થી નીકળે કે તરત તેને ત્રીસનો કે ત્રણસોનો પગાર શરૂ થઈ જાય એવું જે વિદ્યાપીઠ તમને ખત લખી દે તે તો તમને અપંગ બનાવે છે. પછી પુરુષાર્થની શક્તિ તમારામાં નહિ રહે. ખરી વિદ્યાપીઠ તો તમને માત્ર મુસીબત સામે ટકી રહેવાની અને તેમાંથી નીકળી જવાની શક્તિ આપે.

નિર્દોષ વસ્તુમાં સ્વાદ ન હોય. એવી અનેક વસ્તુ હોય છે કે જે નીરસ લાગતી છતાં સ-રસ હોય છે. એવી એક વસ્તુ અમૃતમય સુતરનો તાર છે. વિદ્યાર્થી દશામાં જીવનને શાંતિ આપવામાં, જીવનમાં ધર્મને સ્થાન આપવામાં આના જેવી શક્તિવાળો બીજો એકે યજ્ઞ નથી. તમારૂં જીવન રસમય બને, તમને ધર્મ મળે, કર્મ મળે, વિવેક મળે એ ખાતર હું તમારી આગળ રેંટીઓ મુકું છું.

ગાંધીજી